સુવિચાર
આપણી સલાહ ભલે કોઈ ન માને કે ન માંગે પરંતુ કોઈ આપણને સલાહ આપે તો ખરાબ ન લગાડવું.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૬/૦૩/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com
સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY
R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com
જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

એક એવી શાળા કે જ્યાં ભણવાનું ગૌરવ થાય
નિત્યમ વિદ્યા સંકુલ
નવા શૈક્ષણિક સત્રથી અમરેલીમાં...
બાલ મંદિરથી ધોરણ-૧૨, (સાયન્સ,કોમર્સ,આર્ટસ) ગુજરાતી/અંગ્રેજી માધ્યમ, બોયઝ & ગર્લ્સ હોસ્ટેલ

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જિલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૦ ફાગણ સુદ-૭ વર્ષ : ૧૫ અંક : ૦૮૦

## જિલ્લામાં કરોડો રૂપિયાનાં વિકાસકાર્યોનું ભૂમિપૂજન અને લોકાર્પણ થતું હોય

# અમરેલીમાં નવનિર્મિત બસપોર્ટનું કોઈ તો લોકાર્પણ કરો

લોકસભાની ચૂંટણીને લઈને જિલ્લામાં ગામડે ગામડે વિકાસકાર્યોનું ભૂમિપૂજન અને લોકાર્પણ કરીને મતદારોને આકર્ષવાનો પ્રયાસ

જિલ્લાનાં મુખ્ય મથકે કરોડો રૂપિયાનાં ખર્ચે થયેલ બસ સ્ટેન્ડનું લોકાર્પણ કરવા કોઈ તૈયાર નથી

વિકાસકાર્યોનું ભૂમિપૂજન કરતાં લોકાર્પણ કાર્યક્રમમાં જનતાને વધારે આનંદ મળતો હોય છે

જિલ્લામાં જે ગતિએ ભૂમિપૂજન થાય છે તે ગતિએ લોકાર્પણ થાય તેની કાળજી લેવી જરૂરી છે






અમરેલી, તા. ૧૫

અમરેલી લોકસભા ચૂંટણી જાહેર થવાની ઘડી ઘડાઈ રહી હોય જિલ્લાનાં સત્તાધારી પક્ષનાં આગેવાનો, ધારાસભ્યો, સાંસદ સહિત સૌ કોઈ સમગ્ર જિલ્લામાં વિકાસકાર્યોનું લોકાર્પણ અને ભૂમિપૂજન કરવા દિવસ–રાત ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. પરંતુ આશ્ચર્યજનક બાબત એ છે કે જિલ્લાનાં મુખ્યમથક અમરેલી ખાતે છેલ્લા પાંચ–સાત વર્ષથી નિર્માણ થઈ રહેલ અને તૈયાર થયા બાદ એક પણ આગેવાન તેનું લોકાર્પણ કરવા માટે આગળ આવતા નથી.

અમરેલીનાં વર્ષો પહેલા બનેલ બસસ્ટેન્ડને જમીનદોસ્ત કરીને તે સ્થળે પાંચ–સાત વર્ષ પહેલા નવું બસપોર્ટ બનાવવાની કામગીરી શરૂ થઈ

અનુસંધાન પાના ૬ ઉપર

### પાંચ કિ.મી.નો માર્ગ મગરમચ્છની ચામડી જેવો બની ગયો

## પરેશાની : બાબરાનાં તાઈવદરનો માર્ગ ઘણા મહિનાઓથી બિસ્માર બનતા વાહનચાલકો પરેશાન

### અવારનવાર અકસ્માતની ઘટના બનતી હોય માર્ગ નવો બનાવો




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૫

બાબરા તાલુકા તાઈવદર ગામનો માર્ગ ઘણા વર્ષોથી બિસ્માર બનતા ગામના લોકોને બાબરા તરફ આવવા જવા માટે ભારે હાલાકી ભોગવવાનો વારો આવી રહ્યો છે. માર્ગ એટલી હદે બિસ્માર બન્યો છે કે નાના–મોટા વાહનને પસાર થવામાં ખુબ જ મુશ્કેલીઓ ઉભી થઈ રહી છે. કારણ કે રોડ પર મસમોટા ગાબડાં પડી ગયા છે અને સાઈડ પણ તૂટી ગઈ છે જેના કારણે વાહન ખાડામાં સ્લીપ થઈ પડી જતા અકસ્માત સર્જાય છે. અહીં રાત્રી વખતના પસાર થવામાં તો ભારે મુશ્કેલીઓનો સામનો કરવાની ફરજ પડે. અનેકવાર અહીં રોડની મરામત કે નવા બનાવવાની ગામના લોકો દ્વારા માંગ કરવામાં આવી છતાં નક્કર

અનુસંધાન પાના ૬ ઉપર

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust Amreli
બાળરોગ વિભાગ
અમરેલીની જૂની અને જાણીતી હોસ્પિટલમાં હવે PM-JAY યોજના અંતર્ગત નવજાત શિશુથી માંડીને 15 વર્ષ સુધીના બાળકોની મફત સારવાર ઉપલબ્ધ
હવે સલાહ લો
વધારે માહિતી માટે 9978966629
ડૉ.કલ્પેશ વઘાસિયા
બાળરોગ નિષ્ણાંત

### માનસિક બીમારીથી કંટાળીને

## અમરેલીનાં રાજસ્થળી ગામનાં પ્રૌઢે ઝેરી ટીકડા પી લઈને અંતિમવાટ પકડી

### સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા

અમરેલી, તા. ૧૫

અમરેલી તાલુકાના રાજસ્થળી ગામે રહેતા અશોકભાઈ જેઠાભાઈ પરમાર નામનાં ૪૫ વર્ષિય પ્રૌઢને માનસિક બીમારી હોય અને દવા લેવા છતાં માનસિક બીમારી સારી થતી ન હોય. જેથી પોતે માનસિક બીમારીથી કંટાળી જઈ ગત તા. ૧૩ના રાત્રીના સાડા નવેક વાગ્યે રાજસ્થળી ગામે પોતાની મેળે ઝેરી દવાના ટીકડા ખાઈ જતા ઝેરી અસર થતા અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે
મેડીકલ ઓફીસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S
પગાર ધોરણ : ૧૫૦૦૦/- થી ૨૧૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૧૪૦૦૦/- થી ૧૬૦૦૦/- (Freshers)
Day shift 2 (Ladies) Night shift 1(Ladies & Gents)
નર્સીંગ સ્ટાફ
GNM / ANM / Bsc Nursing
પગાર ધોરણ : ૧૧૦૦૦/- થી ૧૩૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૯૦૦૦/- થી ૧૧૦૦૦/- (Freshers)
Day shift 2 (Ladies) Night shift 2 (Ladies)
અમરેલીમાં રહેતા વ્યકિતઓને પ્રાથમિકતા આપવામાં આવશે.
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિં
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
NATRAJ Gharelu Aatachakki
ફૂલ્લી ઓટોમેટીક ઘરઘંટીની વિશાળ શ્રેણી
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ


મોરબીના ભાવે અહિંથી મળશે
આપનાં સ્વપ્નનાં ઘરને સજાવો અમારી અવનવી અદ્યતન ડીઝાઈન વાળી વિવિધ ટાઈલ્સથી....
એકવાર અવશ્ય મુલાકાત લો...
ટાઈલ્સ હોલસેલ તથા રીટેલ મળશે.
ટાઈલ્સ ડીઝાઈન સ્ટુડિયો
લાઠી રોડ, બાયપાસ ચોકડી, અમરેલી
વિજયભાઈ મો.૯૧૦૧૭ ૬૯૭૫૫ | કિશનભાઈ મો.૯૯૨૫૧ ૬૧૧૮૪ | મયંકભાઈ મો.૯૯૦૯૯ ૭૭૭૦૫

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
Krishna Dining Hall
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૬૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૭૦૨

### સ્થાનિક પોલીસે ગણતરીની કલાકોમાં કરી કામગીરી

# જુના ચરખા ગામે મંદિરમાંથી ચોરી કરનાર ઈસમને દબોચી લેવાયો

### આરોપી વિજયભાઈ બોરીસાગર સામે કાર્યવાહી

અમરેલી, તા. ૧૫

ચલાલા પોલીસ સ્ટેશન ગ્રામ્ય વિસ્તારના જુના ચરખા ગામે આવેલ ખોડીયાર માતાજીના મંદીરમાંથી ગઈ તા. ૯ ના સવારના આરોપી વિજયભાઈ દેવશંકરભાઈ બોરીસાગર(રહે–ઈંગોરાળા તા–ધારી) વાળાએ પોતાનુ મોટર સાયકલ લઈ લોખંડની કોંસ વડે માતાજીના મંદિરમાંથી દાન પેટીમાંથી રોકડા રૂપિયા આશરે ૫૦૦ તેમજ માતાજીનાં આભુષણો જેમાં સોનાનુ એક છતર કિમત રૂપિયા ૬૦,૦૦૦ તથા ચાંદીના ત્રણ છતર જેની કુલ કિમત રૂપિયા ૨૧૦૦ મળી કુલ રૂપિયા ૬૨,૬૦૦ની સોના ચાંદી ની વસ્તુ તથા રોકડ રકમની ચોરી કરી મોટર સાયકલમાં નાસી ગયેલ વિ.બાબતેની ફરીયાદ ચલાલા પોલીસ સ્ટેશન ખાતે ઈ.પી.કો ક. ૪૫૪,૩૮૦,૪૧૪ મુજબનો ગુન્હો નોંધાયેલ હતો.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિહે આ પ્રકારના ગુનાઓના આરોપીઓને શોધી કાઢી તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા જરૂરી સુચના તથા માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે સાવરકુંડલા વિભાગના નાયબ પોલીસ અધિક્ષક એચ.બી.ના માર્ગદર્શન હેઠળ ચલાલા પોલીસ ટીમ દ્વારા આ કામના આરોપીની સઘન તપાસ કરવામાં આવેલ તેમજ બનાવના સ્થળની આજુબાજુમાં સી.સી.ટી.વી ચેક કરવામાં આવેલ સદર ગુન્હાના આરોપીની તપાસ દરમ્યાન મળેલ બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે ચલાલા સાવરકુંડલા રોડ પરથી આરોપી વિજયભાઈ દેવશંકરભાઈ બોરીસાગર (રહે. ઈંગોરાળા) ને પકડી પાડી સઘન પુછપરછ દરમ્યાન મંદિરમાંથી ચોરી કરેલ આભુષણો સાવરકુંડલા સોની રાજેન્દ્રકુમાર કાંતીલાલ જીંજુવાડીયાને વહેચેલ હોવાનું જણાવતો હોય, આરોપીને સાથે રાખી સોનીની તપાસ દરમ્યાન સોની વેપારીને પકડી પાડી સોનીએ સોના તથા ચાંદીના છતરને ઓગાળી સોનાનુ ઢાળીયુ તથા ટીકડી તથા ચાંદીનો લાટો બનાવેલ હોવાની હકિકત જણાય આવતા મજકુર પાસેથી સોનાનુ ઢાળીયુ તથા ટીકડી વજન–૮.૩૩૦ ગ્રામ કિમત રૂપિયા ૩૯,૬૫૦, ચાંદીનો લાટો વજન ૫૦૦ ગ્રામ કિમત રૂપિયા ૨૭,૮૫૦ મળી કુલ કિ.રૂ. ૬૭,૫૦૦ એક કાળા કલરની મોટર સાયકલ કિમત રૂ.૧૦,૦૦૦ તથા અલગ અલગ દરની ચલણી નોટો મળી કુલ રોકડ રૂ.૩૯,૮૦૦નો મુદામાલ કબ્જે કરી મજકુર ઈસમો વિઢધ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### જિલ્લા યુવક કોંગ્રેસનાં હોદ્દેદારો ''અમરેલી એકસપ્રેસ''ની મુલાકાતે

# અમરેલી જિલ્લાનાં યુવકોને વધારેમાં વધારે સંખ્યામાં કોંગ્રેસની વિચારધારા સાથે જોડાશે

### શિક્ષણ, બેરોજગારી જેવા પ્રશ્નોનાં કારણે ભાજપ સામે યુવાનોમાં રોષ



અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લામાં આગામી દિવસોમાં શિક્ષણમાં ફેલાયેલ અંધાધુંધી, બેરોજગારી જેવા પ્રશ્નોને લઈને યુવાનોમાં ભાજપ સરકાર સામે ભારે રોષ હોય જિલ્લાનાં યુવાનો હવે કોંગ્રેસ પક્ષની વિચારધારા સાથે સહમત થઈ રહ્યા હોય તમામ યુવાનોને કોંગ્રેસ પક્ષમાં જોડવામાં આવશે.

જિલ્લાયુવકકોંગ્રેસનાંપ્રમુખ દેવરાજબાબરીયાઅનેઅન્યહોદેદારોએ અમરેલીએકસપ્રેસકાર્યાલયનીશુભેચ્છા મુલાકાતલીધીહતી.

રાજુલા–જાફરાબાદ વિધાનસભા યુવક કોંગ્રેસના પ્રમુખ તરીકે કરણભાઈ કોટડીયા, અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ તરીકે આશિષભાઈ જેબલિયા, અમરેલી શહેર યુવક કોંગ્રેસ પ્રમુખ તરીકે જયરાજભાઈ મયાત્રા તેમજ જિલ્લા યુવક કોંગ્રેસની નવનિયુકત ટીમ પણ જાહેર કરવામાં આવી.

ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસ પ્રમુખ હરપાલસિંહ જાડેજાની સૂચનાથી અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ દ્વારા જિલ્લા યુવક કોંગ્રેસની નવી ટીમની જાહેરાત કરવામાં આવી છે. જેમાં શિક્ષિત અને ખંતિલા યુવાનોને જિલ્લા યુવક કોંગ્રેસમાં સ્થાન આપી નવી બાગદોર સંભાળવા આપી છે. ત્યારે આ વરણીને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાત, પૂર્વ ધારાસભ્ય પરેશભાઈ ધાનાણી, વિરજીભાઈ ઠુંમર, જેનીબેન ઠુંમર સહિતના આગેવાનોએ આવકારી છે.

### ઉચ્ચ અધિકારીઓએ દરમિયાનગીરી કરવી જોઈએ

# વીજપડીની પીજીવીસીએલ કચેરીમાં અરજીનો દિવસો સુધી નિકાલ થતો નથી

### લોકશાહી શાસનમાં લોકોને જ વધારે પરેશાની

વીજપડી, તા. ૧૫

સાવરકુંડલા ડિવિઝન હેઠળ આવેલ વીજપડી સબ ડિવિઝન કચેરીના કર્મીઓ ડિસેમ્બર–૨૩થી ઉઘરાણીની પતાવટના કામે જોતરાએલ છે.

વીજપડી કચેરી હેઠળના ખેડૂતોના ખેતી જોડાણોમાં સ્થળ ફેરફાર કરવા આધારો જોડી જાન્યુઆરી–૨૪માં આપેલ અરજી ફેબ્રુઆરી ૨૪–૧૫ ના કચેરીએ જ ખામી ભરેલી કાર્યવાહી કરી ડિવિઝન કચેરી સાવરકુંડલાને મંજુરી માટે મોકલવામાં આવેલ છે.

સતત ઉઘરાણી બાદ ગ્રાહકે કાર્યપાલક ઈજનેરને ફોનથી રજુઆત કર્યા બાદ ૧૪ માંથી ના ભુલ ભરેલી કાર્યવાહી કરનાર જુ.ઈ. બદલી પામી ચાલ્યા ગયાના દિવસે પરત વીજપડીને પહોંચેલ છે.

આગળની કાર્યવાહી બાબતે અરજદાર ગ્રાહક ઈન્ચાર્જ જુ.ઈ.ને પોતાના પીટી જોડાણ બાબતે પૂછવામાં આવ્યા બાદ જણાવે છે કે ઓફિસ આવી એક નવું ફોર્મ ભરી જાવ અને એકના રજીસ્ટ્રેશન ચાર્જ ભરી જાવ. કચેરીમાં અધિકારી ભુલ કરે અને ભોગ ગ્રાહક બનવા પામેલ છે.

સાવરકુંડલા તાલુકાનું સૌથી મોટું સબ ડિવિઝન વીજપડી અને અહી અધિકારીઓ દાંડીયા જીકે છે. સત્વરે ગંભીર સુચના અને અમલવારીની નોટીસ વીજપડી કચેરીના જવાબદારને ફટકારી ગ્રાહકના પડતર કાર્યો યુધ્ધના ધોરણે કાયમીક થવા પામે તેમ અમાનઅલી રસભર્યાની ઉચ્ચ કચેરી સમક્ષ માંગ છે.

# જાફરાબાદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુન્હામાં ફરાર આરોપીની અટકાયત



અમરેલી, તા. ૧૫

રાજકોટ ગામે રહેતા આરોપી યશરાજ કાંતિભાઈ ચાવડાએ જાફરાબાદ ગામે રહેતા બોર્નમેરો ટ્રાન્સપ્લાન્ટની સારવાર કરાવવા સાઢ રૂ. ૧,૨૦,૦૦૦ જેટલો ખર્ચો થાય તેમ હોય તેવુ જણાવી ફરી ને વિશ્વાસમા લઈ તેઓની પાસેથી પૈસા મેળવી અને પોતાના અંગત ઉપયોગ માટે વાપરી નાખી ફરી. સાથે વિશ્વાસઘાત તથા ઠગાઈ કરેલ હોય જે અંગેનો જાફરાબાદ ટાઉન પો.સ્ટે.માં આરોપી વિઢધ્ધ ગુન્હો રજી. થયેલ અને આ કામે આરોપીનુ નામદાર જાફરાબાદ કોર્ટ દ્વારા સી.આર.પી.સી. કલમ.૭૦ મુજબ પકડ વોરંટ ઈસ્યુ કરેલ જે કામે આરોપી છેલ્લા એક વર્ષથી ફરાર હતો.

જે અન્વયે અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે આ ગુન્હાનો નાસતા ફરતા આરોપી તથા ફરાર કેદીઓ શોધી કાઢવા તથા અસરકારક કામગીરી કરવા જરૂરી સુચના આપેલ હોય, પોલીસને ચોકકસ બાતમી મળેલ કે જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના આઈપીસી કલમ ૪૦૬, ૪૨૦ ના કામે નાસતો ફરતો આરોપી યજરાજ ઉર્ફે રાજેશ કાંતિલાલ ચાવડા (રહે.ક્રિષ્ના નગર, વોરા સોસાયટી પાછળ, જામનગર રોડ રાજકોટ) વાળો અમદાવાદ ખાતે રહેતો હોય જેથી આરોપીની તપાસમાં અમદાવાદ ખાતે જતા ગત તા.૧૪ ના રોજ આરોપી અમદાવાદ ખાતેથી મળી આવતા આરોપીની તપાસ પુછપરછ કરી અમરેલી ખાતે લાવી આગળની ઘટતી કાર્યવાહી કરી આરોપીને જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશન સોંપવા સાઢં કાર્યવાહી કરેલ છે.

### અમરેલીમાં રહેતી એક સગીરા સાથે છેડતી કરતાં

# વડિયા : નાની કુંકાવાવનાં વતની અને રાજકોટ ખાતે રહેતા સાગર સોરઠીયા વિરૂધ્ધ ફરિયાદ

### સીટી પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી

અમરેલી, તા. ૧૫

વડીયાના નાની કુંકાવાવ ગામના વતની અને હાલ રાજકોટ ગામે રહેતા આરોપીએ અમરેલીમાં રહેતી એક ૧૪ વર્ષ, ૮ મહિનાની ઉંમર ધરાવતી તરૂણી ભોગ બનનાર સગીરવયની હોવાનું જાણવા છતાં તેને લગ્ન કરવાની લાલચ આપી તરૂણીને લલચાવી ફોસલાવી તેના માતા–પિતાના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઈ જઈ અપહરણ કરી તરૂણી સાથે રોમાન્સ, તરૂણીની શારીરિક છેડતી કર્યાની અમરેલી સીટી પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ નાની કુંકાવાવ ગામના વતની અને હાલ રાજકોટ ગામે રહેતા આરોપી સાગર વિનુભાઈ સોરઠીયાએ અમરેલીમાં રહેતી અને અભ્યાસ કરતી એક ૧૪ વર્ષ, ૮ મહિનાની ઉંમર ધરાવતી તરૂણી ભોગ બનનાર સગીરવયની હોવાનું જાણવા છતાં તેને લગ્ન કરવાની લાલચ આપી તરૂણીને લલચાવી ફોસલાવી તેના માતા–પિતાના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઈ જઈ અપહરણ કરી ગત તા. ૧૩ના બપોરના આશરે સવા બે વાગ્યાથી તા. ૧૪ના સવારના આશરે સાડા અગિયારેક વાગ્યા સુધીના સમય દરમ્યાન અમરેલીના લાઠી રોડ ઉપર શ્યામ મોલ પાસે અને બાદમાં રાજકોટ ખાતે લઈ જઈ આ વિદ્યાર્થીની સાથે રોમાન્સ કરી તરૂણીની શારીરિક છેડતી કર્યાની અમરેલી સીટી પોલીસમાં આઈપીસી કલમ–૩૬૩, ૩૬૬, ૩૫૪, ૩૫૪ (એ) તથા પોકસો એકટ કલમ–૧૨, ૧૮ મુજબ ફરિયાદ નોંધાતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

### વડોદરાનાં ઈસમે હોલીડેઝ પેકેજનાં નામે કર્યો ગુન્હો

# અમરેલીનાં અંબરીશકુમાર રાજયગુરૂ સહિત સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત થયા

### સીટી પોલીસે રાહુલકુમાર ગુપ્તા વિરૂધ્ધ ફરિયાદ નોંધી

અમરેલી, તા. ૧૫

વડોદરા ગામે રહેતા રાહુલકુમાર પ્રમોદભાઈ ગુપ્તાએ અમરેલીના ચક્કરગઢ રોડ આનંદનગર શેરી નં–૪માં રહેતા અંબરીશકુમાર મહેશભાઈ રાજયગુરૂ તથા સાહેદને PARK PRIVYERA HOSPITALITY PVT. LTD ની હોલીડેજ પેકેજની લોભામણી જાહેરાત આપી મેમ્બરશીપ પેટેના કુલ રૂપિયા ૩,૮૦,૯૯૪ ઓળવી જઈ હોલીડેઝ પેકેજના મેમ્બરશીપનો લાભ નહી આપી છેતરપિંડી વિસઘાત કરી ગુન્હો કર્યાની ફરિયાદ અમરેલી સીટી પોલીસમાં નોંધાઈ છે.

### જો કોંગ્રેસ જેનીબેન ઠુંમરને મેદાનમાં ઉતારે તો

# અમરેલી ભાજપનાં ઉમેદવાર જસુમતીબેન કોરાટ અને રાજકોટના કોંગી ઉમેદવાર તરીકે પરેશ ધાનાણીની ચર્ચા

### ગમે તે ઘડીએ ભાજપ–કોંગ્રેસનાં ઉમેદવાર જાહેર થવાની શકયતાઓ




અમરેલી, તા. ૧૫

અમરેલી લોકસભા બેઠકમાં ઉમેદવાર પસંદ કરવા માટે ભાજપ અને કોંગ્રેસનાં આગેવાનો ઉંધા માથે થયા છે. અને દિ'ઉગેને કોઈ ને કોઈ નવા નામની ચર્ચા શરૂ થાય છે. દરમિયાનમાં અમરેલી બેઠક માટે જો કોંગી ઉમેદવાર તરીકે જેનીબેન ઠુંમરની પસંદગી થાય તો ભાજપ તરફથી જેતપુરનાં પુર્વ ધારાસભ્ય જસુમતીબેન કોરાટને મેદાનમાં ઉતારવામાં આવી શકે અને રાજકોટ બેઠક ઉપરથી અમરેલીનાં પુર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીને કોંગ્રેસ મેદાનમાં ઉતારવામાં આવે તેવી ચર્ચા થઈ રહી છે.

### લીલીયા નજીક આવેલ

# મોટા કણકોટમાં હલરમાં આવી જતાં ઘવાયેલ પરિણીતાનું મોત

### બે બાળકો માતા વિહોણા બન્યા

અમરેલી, તા. ૧૫

અમરેલીના લીલિયા તાલુકામાં આવેલ કાણકોટ ગામની વાડી વિસ્તારમાં ઘઉં કાઢતી વખતે હલરમાં આવી જતાં પરિણીતાને ગંભીર ઈજાઓ પહોંચી હતી. બાદ પરિણીતાને અમરેલી બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જયાં સારવારમાં પરણિતાએ દમ તોડી દેતાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

બનાવની વિગત મુજબ મુળ મધ્યપ્રદેશના અને હાલ લીલીયા તાલુકાના મોટા કાણકોટ ગામની વાડીમાં ખેતમજૂરી કરતી શક્તિબેન લલિતભાઈ વસુનિયા (ઉ.વ.૨૩) નામની પરિણીતા ઘઉં કાઢતી વખતે હલરમાં આવી જતાં ગંભીર ઈજા પહોંચતા તેણીને તાકિદે અમરેલી સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવી હતી. જયાં સારવારમાં પરણિતાએ દમ તોડી દિધો હતો.

વધુમાં મળેલ વિગત મુજબ, મૃતક શક્તિબેન વસુનિયા અને તેને પરીવાર આઠ મહીનાર્થી કાણકોટ ગામમાં આવેલ જીતુભાઈ કાકડીયાની વાડીમાં ભાગ રાખી ખેત મજૂરી કરે છે.

ગઈકાલે પરપ્રાંતીય શ્રમિક પરીવાર રશીદભાઈ ઉકાભાઈની વાડીમાં ઘઉં કાઢવા ગયો હતો. મૃતકને સંતાનમાં એક દીકરી અને એક દીકરો હોવાનું પરીવારજનોએ જણાવ્યું હતું. બનાવથી શ્રમિક પરિવારમાં એકંદ છવાયો હતો.

### ૧૫ વર્ષથી આ પદયાત્રા ભરવાડ સમાજ દ્વારા કરવામાં આવે છે

# બગસરામાં ભરવાડ સમાજ દ્વારા પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું

### ભરવાડ સમાજનાં ૧૫૦૦ કરતા પણ વધારે પદયાત્રાઓ જોડાયા



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૫

બગસરા માં છેલ્લા ૧૫ વર્ષ થી આ પદયાત્રા ફાગણ મહિનામાં હોળી તેમજ ધુળેટી ના સમય મા પદ યાત્રાનું આયોજન કરવામાં આવે છે .

જેમાં આજે ૧૫૦૦ ભાઈઓ તેમજ બહેનો આ પદયાત્રા માં જોડાયા હતા.

આજે સવારે ભગવાન શ્રી કૃષ્ણની પૂજન કરી અને સમસ્ત ભરવાડ સમાજ એ આજે ધંધા રોજગાર પણ બંધ રાખી અને આ પદયાત્રીઓને વિદાય કરવામાં જોડાયેલ આ સંઘ દરરોજ અંદાજીત ૨૫ કી.મી. ચાલશે અને ૯ માં દિવસે દ્વારકા પહોંચશે અને ગોમતી નદીમાં સ્નાન કરી અને હોળી માં ફૂલ ડોલની ઉજવણી કરી પરત ફરશે આ રસ્તામાં આવતા ગામના ભરવાડ સમાજ ના તેમજ અન્ય સમાજના લોકો પણ પદયાત્રા માં જોડાય છે અને યાત્રીઓની સંખ્યા વધતી જાય છે.

# બાબરા : અર્બન વનનું લોકાપર્ણ કરતાં ધારાસભ્ય




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૫

બાબરા માં આવેલ સોનપરી મહાદેવ મંદિર પાસે વન વિભાગ દ્વારા અર્બન વનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.અર્બન વનનું લોકાર્પણ ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

લોકાર્પણ દરમીયાન સોનપરી મહાદેવ મંદિર ના મહંત તેમજ અતિથિ વિશેષ તરીકે સાદિક મુજાવર આઈએફએસલ એમ.ડી. કરંગીયા આરએફઓ બાબરા, એમ. યુ.શેખ, અમરેલી જીલ્લા મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, તાલુકા આગેવાન નીતિનભાઈ રાઠોડ, સહિત ફોરેસ્ટ વિભાગનો સ્ટાફ ઉપસ્થિત રહયો હતો.

### જસદણનાં આટકોટ ગામનાં વતની હોવાનું ખુલ્યું

# બાબરાનાં ઉંટવડ નજીકથી ર યુવકો બીયરનાં ૯૬ ટીન સાથે ઝડપાયા

### પોલીસે કાર સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો

અમરેલી, તા. ૧૫

જસદણ તાલુકાના આટકોટ ગામે રહેતા સુરેશ કિશન મોહનીયા સહિતના ત્રણ પરપ્રાંતિય આરોપીઓ ગત તા. ૧૩ના રાત્રીના સમયે બાબરા તાલુકાના ઉંટવડ ગામે પોતાના હવાલાવાળી ફોરવ્હીલના નં. જી.જે.–૦૫ જેસી ૨૫૮૬માં ભારતીય બનાવટની વિદેશી બીયરના રીંગપેક ટીન નંગ–૯૬ ની કિંમત રૂપિયા ૧૧,૫૨૦ ના રાખી હેરફેર કરી કાર સહિત કુલ રૂપિયા ૨,૧૧,૫૨૦ ના મુદ્દામાલ સાથે બે આરોપી પકડાઈ જઈ તથા એક આરોપી હાજર નહી મળી આવતા પોલીસે શોધખોળ કરી છે.

## ગામ પંચાયતનાં પાંચ સદસ્યોએ તાલુકા વિકાસ અધિકારીને પત્ર પાઠવ્યો

# સાવરકુંડલાનાં વાંશીયાળી ગામનાં સરપંચ સામે ભ્રષ્ટાચારનો આક્ષેપ

### છેલ્લા ૨ વર્ષમાં તમામ વિકાસકાર્યોમાં ૧૦ ટકા કમિશન લઈને પેટામાં કામ આપી દીધાનો આક્ષેપ

અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લાની ચારે દિશાને ભ્રષ્ટાચારે ભરડો લીધો હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે. નફાખોરી, મિલાવટખોરી, ભેળસેળ, ખનિજ ચોરી જેવી સમસ્યા વચ્ચે સરકારી વિભાગોમાં પણ વિકાસકાર્યોનાં નામે વ્યાપક પ્રમાણમાં ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. જે અંતર્ગત સાવરકુંડલાનાં વાંશીયાળી ગામ પંચાયતનાં સદસ્યો કલ્પેશભાઈ બગડા, અરવિંદભાઈ વઘાસિયા, ભરતભાઈ વાઘેલા, દયાબેન પડાયા અને શિલ્પાબેન માંગરોળીયાએ તાલુકા વિકાસ અધિકારીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, વાંશીયાળી ગામે સરપંચ ધ્વારા વર્ષ ૨૦૨૨ થી અત્યાર સુધીમાં જે કામો કરવામાં આવેલ છે તે કામોમાં સરપંચ અને અન્ય લોકો ધ્વારા મળીને તમામ કામમાં ૧૦% લઈને તમામ કામો પેટામાં આપવામાં આવેલ હતા તેમજ જે કામો ઉપર સરપંચ ધ્વારા કોઈ દેખરેખ રાખવામાં આવેલ નથી તેમજ તમામ કામો હલકી ગુણવત્તાના કરવામાં આવેલ છે.

### ગામમાં થયેલ ભૂગર્ભ ગટરનાં કાર્યમાં પણ નિયમોનો થયો ઉલાળીયો

જેમાં વાંશીયાળી ગામે ૧૫ માં નાણાપંચની ટાઈટ ગ્રાન્ટમાંથી નદીમાં સાંબડ મેરામભાઈ રામસીંગભાઈના ઘરથી દિલુભાઈ જીભાઈ મકવાણાના ઘર સુધી પીવીસી ભૂગર્ભ ગટરનાં કામમાં ખોદકામ પણ ઓછું કરવામાં આવેલ છે તેમજ પીવીસી પાઈપ હલકી ગુણવત્તાનો નાખેલ છે. આ ગટરમાં લેવલ ન લેવાના કારણે હાલ આ ગટર પાણી અને અન્ય વસ્તુ ભરાઈને સંપૂર્ણપણે બ્લોક થઈ ગયેલ છે. આ પીવીસી ગટરના કામમાં તટસ્થ અને યોગ્ય તપાસ કરવામાં આવે તો સરપંચ ધ્વારા કરવામાં આવેલ મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર સાબિત થાય તેમ છે.

વધુમાં જણાવેલ છે કે, વાંશીયાળી ગામે સ્ટેમ્પ ડયુટીની ગ્રાન્ટમાંથી કરશનભાઈ લાલજીભાઈ માંગરોળીયાનાં ઘરથી ભગવાનભાઈ વશરામભાઈ વઘાસીયાના ઘર સુધી પ્રેવિંગ બ્લોકનું કામ કરવામાં આવેલ છે. આ કામમાં બોકસ કટીંગ ઓછું કરવામાં આવેલ છે તેમજ એસ્ટેમેન્ટ મુજબ કપચી તેમજ ગ્રટનો જથ્થો વાપરવામાં આવેલ નથી તેમજ બ્લોક પણ નબળી ગુણવત્તાના વાપરવામાં આવેલ છે.

વાંશીયાળી ગામે ૧૫% વિવેકાધીન યોજનામાંથી ઢોલરીયા પ્લોટમાં કરવામાં આવેલ આરસીસી રોડનાં કામમાં બોકસ કટીંગ કરવામાં આવેલ નથી તેમજ લેવલ પણ કરવામાં આવી નથી ખાલી રોડ પર ટ્રેકટર ધ્વારા પાવડો મારવામાં આવેલ હતો તેમજ પીસીસી ચાર ઈંચનું હતું તે બિલકુલ કરવામાં આવેલ નથી અને જે આરસીસી કરવામાં છે તે અમુક જગ્યાએ ૧.૫ ઈંચ તેમજ અમુક જગ્યાએ ૨ ઈંચ તેમજ અમુક જગ્યાએ ૩ ઈંચનો કરવામાં આવેલ છે તેમ એસ્ટીમેટ પ્રમાણે રેતી, કપચી કે સિમેન્ટ વાપરેલ નથી હાલ આ આરસીસી એક વર્ષમાં તૂટવા લાગેલ છે.

### પેવીંગ બ્લોકનાં કામોમાં પણ વ્યાપક પ્રમાણમાં ગેરરીતિ કરાયાનું જણાવાયું

વધુમાં જણાવેલ છે કે, વાંશીયાળી ગામે ૧૫ માં નાણાપંચ વર્ષ ૨૦૨૧/૨૨ માંથી પ્લોટ વિસ્તારમાં (૧) કાંતિભાઈ બોરીસાગર (૨) ભીખાભાઈ માંગરોળીયા (૩) નથુભાઈ બારૈયા (૪) કાદરભાઈ ઘાંચી આ ૪ શેરીમાં કરવામાં આવેલ બ્લોકના કામમાં કપચી તેમજ ગ્રીટનો જથ્થે એસ્ટીમેટ કરતા બહુ જ ઓછો વાપરવામાં આવેલ છે તેમજ બ્લોક સાવ હલકી ગુણવત્તાના વાપરવામાં આવેલ છે તેમ કાંતિભાઈ વાળી શેરી તેમજ ભીખાભાઈ વાળી શેરીમાં કપચી બહુ જ ઓછી વાપરવામાં આવેલ છે.

વાંશીયાળી ગામે સરપંચ ધ્વારા વર્ષ ૨૦૨૨ નો પાણી સમિતિનો તમામ વહીવટ પોતાના હાથ પર રોકડેથી કરવામાં આવેલ છે કોઈપણ ખર્ચ બેંક ધ્વારા તેમજ પંચાયત ધ્વારા ચૂકવેલ નથી કોઈ પણ વ્યકિતને ચેક ધ્વારા નાણાની ચુકવણી કરેલ નથી કે પાણી સમિતિનું આ એક વર્ષમાં કોઈપણ બેંકમાં ખાતું ખોલાવેલ હતું નહીં ખોટા બિલો નાખીને આ એક વર્ષમાં સરપંચ ધ્વારા મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર કરવામાં આવેલ છે તેમજ પાણી સમિતિનું અલગ ગ્રામજનો પાસેથી એક કનેકશનના રૂા. ૫૦૦ લેખે ઉઘરાણું કરવા છતાં પાણી સમિતિના બિલો સ્વભંડોળમાંથી પણ ચૂકવેલ હતા આ એક વર્ષનો તમામ વહીવટ સરપંચ ધ્વારા સ્વભંડોળના બીલો બાદ કરતા ખાનગી કરવામાં આવેલ છે જે સરકારનાં નિયમ વિરૂધ્ધ વહીવટ કરવામાં આવેલ છે.

### સરપંચ નિયમ મુજબ કામ કરતાં ન હોવાથી સદસ્યોએ ઠરાવ નામંજૂર કર્યો

વાંશીયાળી ગામે સરપંચ ધ્વારા ૨૦૨૨થી આજ દિન સુધી જેટલા કામો કરવામાં આવેલ છે તેમાં સરપંચ અને અન્ય વ્યકિત ધ્વારા ૧૦% લઈને ભ્રષ્ટાચાર કરીને નબળી ગુણવત્તા વાળા કામો કરી ભ્રષ્ટાચાર કરવામાં આવેલ છે.


વાંશીયાળી ગામે આજ દિન સુધી જે કામો થયેલ છે તે તમામ કામોના ઠરાવોને તમામ સભ્યો ધ્વારા મંજૂર કરવામાં આવેલ હતા પરંતુ સરપંચ અને અન્ય લોકો ધ્વારા મિલીભગત કરી ભ્રષ્ટાચાર કરી નબળી ગુણવત્તાના કામો થતાં હોય અને આ નબળા કામ જે જગ્યાએ થયેલ છે તે જગ્યાએ સરકારના નિયમ મુજબ ૧૦થી ૧૫ વર્ષ બીજું કામ મંજૂર થવાનું નથી તેમજ સરકારનાં નાણાનો દૂર વ્યય થતો હોય તેમજ કામો હલકી ગુણવત્તાના અને નબળા થતાં હોય ગામના વિકાસના કામોમાં ભ્રષ્ટાચાર થતો હોય તેમજ સરપંચ ધ્વારા સભ્યોને વિશ્વાસમાં લીધા વગર પોતાની રીતે મનસ્વી નિર્ણયો કરવામાં આવતા હોય તેમજ અમો સભ્યો ધ્વારા સરપંચને સારી ગુણવત્તા અને કવોલિટી યુકત કામ કરવાની સલાહ આપવા છતાં સરપંચ ધ્વારા તેનો કોઈ અમલ થતો ન હોય જેથી સભ્યો ધ્વારા ઠરાવો નામંજૂર કરીને ગામના વિકાસના નબળા થતાં કામો તેમજ સરકારના નાણાનો દૂર વ્યય અટકાવવા માટે આ નિર્ણય લેવામાં આવેલ છે.

વધુમાં જણાવેલ છે કે, વાંશીયાળી ગામના વિકાસના કામો સારી ગુણવત્તાવાળા થાય તેમજ યોગ્ય સ્થળે થાય તેવી ખાતરી આપવામાં આવશે અને જે સૂચન અને માર્ગદર્શન આપવામાં આવશે તેનો તમામ સભ્યો ધ્વારા અમલ કરવામાં આવશે જેની વાંશીયાળી ગ્રામ પંચાયતના તમામ સદસ્યો ખાતરી આપીએ છીએ.

## બાલ મંદિર ચોકની ઘટના

# બગસરામાં બાઈક સરખું ચલાવવા બાબતે છરી મારી દેતા ફરિયાદ

### પોલીસે બનાવ અંગે તપાસ શરૂ કરી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૫

બગસરાના બાલમંદિર ચોક ખાતે નજીવી બાબતે બોલાચાલી થતાં છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો તઢણ આંબાભાઈ શેખ નામના એક વ્યક્તિ દ્વારા મોટર સાયકલ સરખું ચલાવવા માથાકૂટ કરતા સોહિલ સલીમભાઈ જાફાય નામના વ્યક્તિ ને ગાળો આપે છરીનો ઘા મારે લેતો ત્યારે આ સમગ્ર ઘટનાને લઈને બગસરા પંથકમાં ચકચાર મચી ગયો હતો કાયદો વ્યવસ્થા કથળી લોકોમાં ભયનો માહોલ છવાયો હજુ થોડાક દિવસ પહેલા તસ્કરોએ શટરો ઊંચા કરવાની ઘટના તાજી છે ત્યારે ફરી આ બનાવ બનતા કાયદો અને વ્યવસ્થા કથળી છે લોકોમાં ભયનો માહોલ છવાયો છે.


એસ.પી હિમકર સિંહ દ્વારા અમરેલી જિલ્લામાં તેની નિમણૂક થતા અનેક કેસ અનડીટેક ગુનાને સોલ કરી સરકાર પાસે ઈનામ મેળવ્યું હતું ત્યારે એસપી ની સરાહનીય કામગીરી માટે લોકો ખુશ છે ત્યારે બગસરા વાસીઓ દ્વારા બગસરામાં કડક અધિકારીની માંગણી કરે છે જેથી કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તેવી લોક માંગણી ઉઠી છે જયારે બગસરાના બનાવવામાં આ વ્યક્તિને છરી મારતા પ્રથમ સારવાર અર્થે બગસરા સિવિલ ત્યારબાદ અમરેલી સિવિલ ખાતે એડમિટ કરાયો છે અને ત્યાં વધુ સારવાર લેવામાં આવી રહેલ છે.

પરંતુ હાલમાં આ આરોપી પોલીસ પકડ થી દુર છે અને તે વ્યક્તિ ને પકડવા ચક્રો ગતીમાન કરેલ છે.

## આરોપીઓએ અંધાધુંધ ફાયરીંગ કરીને હત્યા કરી હતી

# અમદાવાદનાં ચકચારી સુરેશ શાહ મર્ડર કેસનાં મુખ્ય સુત્રધાર રાજુ શેખવાનાં કાયમી જામીન સુપ્રીમ કોર્ટે મંજૂર કર્યા

### અમરેલીનાં સરંભડા ગામનાં વતની રાજુ શેખવાનો ખૌફ ચારે દિશામાં



અમરેલી, તા. ૧૫

અમદાવાદનાં વાસણા વિસ્તારમાં શંકરનાં મંદિરમાં સરાજાહેર અંધાધુંધ ફાયરીંગ કરી એફસીઆઈના ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટર સુરેશ શાહની ઘાતકી હત્યાના મુખ્ય સુત્રધાર તેમજ અન્ય પાંચ પાંચ હત્યાઓના જેના ઉપર આપોર છે તેવા ગુજરાતના ગેંગસ્ટર રાજુ શેખવાની સંડોવણી બહાર આવતાની સાથે જ સુરેન્દ્રનગરની બાજુના ફાર્મ હાઉસ ઉપરથી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના જાંબાજ અધિકારીઓ ધ્વારા તેમની ધરપકડ કરવામાં આવી હતી અને આ મર્ડરનો પ્લાન અમરેલી જેલમાંથી કરવામાં અવ્યો હતો. ગુજરાતની અન્ય જેલોમાં પણ રાજુ શેખવા મોટુ નેટવર્ક ધરાવે છે.

તેમજ સુરેશ શાહ પણ મોટો ગેંગસ્ટાર હોવાથી અમદાવાદના ખાડીયા વિસ્તારમાં પ્રદીપ ડોન અને ગૌતમ દાઢીની તેમના ધ્વારા જ હત્યા કરાવી નાખવામાં આવી હતી.

રાજુ શેખવા અને સુરેશ શાહની ધંધાકીય હરીફાઈમાં ૨૦૦૫માં સુરેશ શાહનું રાજકોટથી અપહરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૨૦૦૯માં અમદાવાદ પાલડી ખાતે જુની અદાવતથી રાજુ શેખવાને હોસ્પિટલમાં સમયસર સારવાર મળી જતાં આબાદ બચાવ થઈ ગયો હતો. તેની દાઝ રાખી રાજુ શેખવાએ સુરેશ શાહને મારી નાખવા માટે રૂા. ૫૦ લાખની સોપારી આપી હતી માર્ચ ૨૦૧૮માં સુરેશ શાહને કરપીણ ઘાતકી હત્યા કરાવી નાખી હતી. આ કેસમાં રાજુ શેખવાના સુપ્રીમ કોર્ટ ધ્વારા કાયમી જામીન મંજૂર કરવામાં આવેલ છે. તેમના એડવોકેટ તરીકે ભારતના માજી. સોલીટર જનરલ મુકુલ રોહતકી તેમજ ઉત્દપલ દવે રોકાયા હતા.

રાજુ શેખવા ગુજરાતમાં અપહરણ, ધમકી, હથીયાર, મારામારી, ફાઈરીંગ, મર્ડર, એસીબીમાં અપ્રમાણસર મિલ્કત જેવા અનેક ગંભીર પ્રકારનાં ગુન્હાઓ કરી ચુકેલ છે.

તેણે સાવરકુંડલા નગરપાલિકાનાં ચેરમેન જોરાવરસિંહ ચૌહાણની હત્યા, ગાંધીનગર એફસીઆઈ મેનેજર બાબુલા જાદવની હત્યા તેમજ સુરતના એક ઉદ્યોગપતિના પુત્રની હત્યામાં પણ તેનું નામ ખુલ્યુ હતું તેમજ અમદાવાદના ગેંગસ્ટાર સુરેશ શાહની ઘાતકી હત્યા પણ રાજુ શેખવાનાં ઈશારે જ કરવામાં આવી હતી.


ગોંડલના બે ઉદ્યોગપતિનું અપહરણ રાજુ શેખવાએ કરેલું અને આ અપહરણ વખતે ગોંડલનાં મોટુ માથું ગણાતા કદાવર નેતા વચ્ચે પડતાની સાથે જ આ મામલો થાળે ગયો હતો.

રાજુ શેખવા ગોંડલ જેલમાંથી બહાર આવતાની સાથે જ તેમના દુશ્મનો ભુગર્ભમાં ઉતરી ગયા છે. માસ્ટર માઈન્ડ રાજુ શેખવા તેમના દુશ્મનોને ઠંડે કલેજે નીકાલ કરવામાં ખૂબ જ માહીર છે. આ પ્રકરણમાં હજુ પણ નવાજુની થશે તેવી લોકમુખે ચર્ચા થાય છે.

રાજુ શેખવા અને તેના પરિવારજનો ઉપર અપ્રમાણીત મિલ્કત અંગે એસીબીની ફરિયાદ પણ ગુજરાતનાં લાંચ રૂશ્વત વિરોધી ખાતાના વડા કેશવકુમાર ધ્વારા દાખલ કરવામાં આવેલી હતી. તેમાં અમરેલીના જાંબાજ એસપી નિલદિપરાય ધ્વારા ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશનાં ભોપાલ ખાતે પોલીસની અલગ અલગ ટીમો મોકલી રાજુ શેખવાની કરોડોની મિલ્કત શીઝ કરવામાં આવી હતી. આ સમયે રાજુ શેખવાએ ગુજરાત હાઈકોર્ટ ધ્વારા આશરો મેળવી તેમના સગા–સબંધી અને તેની ધરપકડ ન થાય તે માટે આગોતરા જામીન મેળવી લીધા હતા.

ગુજરાતના ઉચ્ચ અધિકારી અને રાજકીય વ્યકિતઓ સાથે અંગત ઘરાબા ધરાવતો રાજુ શેખવા ગમે તેવા ગંભીર ગુન્હામાંથી એનકેન રીતે જેલામાંથી બહાર નીકળી જાય છે.


















રેણુકાની ભોળી નિર્દોષ આંખો જાણે એના સૌંદર્ય પર ગુલાલના તિલક જેવી હતી. એનાં આધુનિક કપડાં એના શરીર પર રંગોળી બનીને સજતાં હતાં. ૧૯૬૮ની એ સાલમાં જયારે કોઈ યુવાન ગુજરાતી સ્ત્રી બેંગોલી સાડી પહેરે તો એને 'ફશનવાળી' કહેતાં. તે જમાનામાં વેસ્ટર્ન સ્ટાઈલનાં સ્કર્ટ અને સ્લીવલેસ ટાપમાં રેણુકા કોઈ આધુનિક અપ્સરા જેવી લાગતી હતી, અને ઝાલાવાડના એ નાના શહેર વઢવાણમાં બે દિવસથી એ જાનીવા સૌથી વાઘેશ્વરી ચોક ચાલીને જતી ત્યારે લોકોની ઉત્સુક આંખો એની સામે ટીકી ટીકીને જોયા કરતી.મુંબઈથી જાન વઢવાણ આવી હતી. રેણુકાનાં માસીના દીકરાનાં લગ્ન હતાં. રેણુકાના પિતા વાડીલાલ શેઠને મુંબઈમાં ઝવેરાતનો બિઝનેસ હતો. 'મારાથી નીકળી શકાય તેમ નથી, તારી બા હોત તો જરૂર એ જાત, વાડીલાલ નરમ અવાજે રેણુકાને કહેતા હતા, 'રમણકાકા જોડે તું જઈ આવે તો સારૂં.રેણુકા લગ્ન મહાલવા, અને પછી ચાર દિવસ વઢવાણ રોકાવા આવી હતી. પણ જાનીવાસમાં સાઠ વ્યક્તિ દીઠ એક બાથરૂમ હતું, અને ગાદલામાં સહેજ કોહવાટની વાસ આવતી હતી.રમણકાકા રેણુકાની મૂંઝવણને પારખી ગયા. 'એ કહે, મારા ખાસ મિત્ર વજુભાઈ બાજુના સુરેન્દ્રનગરમાં સરસ બંગલામાં રહે છે. વજુભાનો દીકરો સિદ્ધાર્થ પણ હમણાં ઘેર જ છે. કહેતી હોય તો થોડા દિવસ એમને ત્યાં રહેવા જતા રહીએ. કાકાએ હજુ વાક્ય પૂરૂં નહોતું કર્યુ ને રેણુકા એનાં કપડાં એની બગમાં ભરવા લાગી હતી.રમણકાકા અને રેણુકાની કાર વજુભાઈના ઘરની બહાર ઊભી રહી, ત્યારે સિદ્ધાર્થ બહાર વરંડામાં ખાટે બેસીને હીંચકતો હતો અને મૂકેશનું ગીત 'ઝૂમતી ચલી હવા, યાદ આ ગયા કોઈ જોરજોરથી ગાતો હતો. 'આવો રમણકાકા, સિદ્ધાર્થે ખાટેથી ઊભા થઈને કહ્યું.'બેટા, આ વાડીકાકાની દીકરી રેણુકા છે. વઢવાણ જાનમાં આવ્યાં છીએ; પણ આ ફશનેબલ છોકરીને વઢવાણ જાનીવાસમાં ફાવતું નથી, તો તમારાં અતિથિ ચાર–પાંચ દિવસ બનવું પડશે.'રેણુકા બેટા, આ સિદ્ધાર્થે ખડગપુરથી આ વર્ષે જ ભણવાનું પતાવ્યું.મિકેનિકલ એન્જિનિયર છે.'તો સારૂં. રેણુકાએ હસતા અવાજે કહ્યું.'એટલે?' સિદ્ધાર્થે પૂછ્યું.કેમ કે કારમાંથી ઊતરતા તમને ગીત ગાતા સાંભળ્યા હતા. એન્જિનિયરિંગમાં વધુ સફળ થશો.' સિદ્ધાર્થ હસવા લાગ્યો. રેણુકાને પણ પોતાની આવી હિમ્મતવાળી મજાકથી નવાઈ લાગી હતી.ચા પીને સિદ્ધાર્થ અને રેણુકા ખાટે બેઠાં હતાં. 'આ તમારૂં વઢવાણ બહુ ઈન્ટરેસ્ટિંગ શહેર છે.રેણુકાએ કહ્યું.'હાસ્તો, અમારા વઢવાણે ઘણાબધા સાહિત્યકારો પણ પેદા કર્યા છે. જેવા કે પ્રજારામ રાવળ...કહ્યું. 'ઝાલાવાડી ધરતી, આવળ–બાવળ બોરડી' રેણુકાએ સિદ્ધાર્થને અટકાવીને અરે વાહ, તમારા મુંબઈ સુધી આ કવિતાઓ પહોંચી જાય છે? મને તો એમ કે બ્રોડગેજ લાઈન આવે ત્યાંથી સાહિત્યની મુસાફરી અટકી જતી હશે. રમણકાકા બપોરની ઊંઘ ખેંચીને બહાર વરંડામાં આવ્યા, 'ચાલો બેટા, ત્યાં વિધિ શરૂ થઈ જવામાં હશે.'કાકા, હું ન આવું તો ન ચાલે ? રેણુકાને સિદ્ધાર્થની કંપનીમાં અનેરો આનંદ આવતો હતો.'ભલે, તું ખાટે બેસીને હીંચક.ને કાકા વઢવાણ જવા નીકળ્યા.

'તમારા એન્જિનિયર લોકોમાં સંવેદનશીલતા હોય કે નહીં ? રેણુકાના અવાજમાં ટીખળ હતું.' ઓફકોર્સ નાટ, આ અમૃત ઘાયલ, ગની દહીંવાલાને શૂન્ય પાલનપુરી – તે ક્રિકેટ પ્લેયર છે કે મોરારજીભાઈની કોંગ્રેસ–'ઓ પાર્ટીના કારોબારી સમિતિના સભ્યો છે – એની અમને એન્જિનિયરને કાંઈ ગતાગમ ન પડે !'તને ગમે છે ગની દહીંવાલાની ગઝલ ? રેણુકા એક દિવસમાં 'તમે' પરથી 'તું પર આવી ગઈ હતી. 'દિવસો જુદાઈના જાય છે, એ જશે જરૂર મિલન સુધી. સિદ્ધાર્થ બોલ્યો.'મને નથી લાગતું કે તું ખરેખર એન્જિનિયર હોય ! રેણુકાના અવાજમાં અચંબો, આનંદ અને તોફાન. પછી એ કહે 'મને મારી કાલેજમાં કોઈ એવાં મિત્ર ન મળ્યાં જેનામાં જરા પણ ઊંડાણ હોય ! સહેજ અટકીને કહ્યું, પેલી ગઝલ આગળ ચલાવ, વચલી કડી બહુ હૃદયદ્રાવક છે.''આગળ યાદ નથી, તું યાદ કરાવ. સિદ્ધાર્થે કહ્યું. 'આહ, વચલી કડી હૈયે છે પણ હોઠે નથી. સિદ્ધાર્થ અને રેણુકાની વાતો જ ખૂટતી નહોતી.' આપણે બન્ને ખરાં સાવ એકબીજા જેવાં છીએ.હા, અને મને હતું કે વઢવાણમાં મને કોઈ ઈન્ટરેસ્ટિંગ વ્યક્તિ નહિ મળે. રેણુકા લગ્નમાં તો સહેજ મોઢું દેખાડીને પાછી આવતી રહેતી. પછી ખાટે બેસીને સિદ્ધાર્થ જોડે મોડી રાત સુધી વાતો કર્યા કરતી.વઢવાણના લગ્ન પતી ગયા પછી રમણકાકાએ કહ્યું, 'ચાલ રેણુકા, અહીં વઢવાણમાં તું કંટાળી ગઈ હશે. બે દિવસ અમદાવાદ જતાં રહીએ. મારે થોડું બિઝનેસનું કામ પણ છે અને ત્યાંથી સીધા મુંબઈ જતાં રહીશું.'આ સિદ્ધાર્થે વચન આપ્યું છે કે આવતી કાલે માધાવાવ અને રાણકદેવીનાં મંદિરે મને લઈ જશે. કાકા, તમે એકલાં જ જઈ આવો અમદાવાદ. હું ત્રણ દિવસ પછી તમને સૌરાષ્ટ્ર મેઈલમાં સીધી અમદાવાદ સ્ટેશને મળીશ.'પણ તારો બાપ કહેશે, મારી દીકરીને એકલી વઢવાણ મૂકીને અમદાવાદ જતો રહ્યો.'ડડીને હું સમજાવી દઈશ.રેણુકાએ કહ્યું. નજરમાં રાખ્યો છે. સંદીપ 'ઓકે' છે.પછી એક ઊંડોશ્વાસ લઈને કહે, 'ઓકે હતો, ગયા અઠવાડિયા સુધી. પણ મારા પ્લાન્સ આ તારા

# વાર્તા–વૈભવ

## રાણકદેવીના ગાલ પરનું લાખું

**– રાહુલ શુકલ**

એ ડડીની એક લાડકી દીકરી હતી, અને વાડીભાઈને મન રેણુકાનાં સુખથી વધુ કાંઈ નહોતું. બીજે દિવસે સુરેન્દ્રનગરથી ટ્રામમાં બેસી બન્ને વઢવાણ ગયાં. ભોગાવો નદીના પુલ ઉપરથી ટ્રામમાં વઢવાણના સ્ટેશને પહોંચતી હતી ત્યારે સિદ્ધાર્થે કહ્યું, 'આ ભારત ટ્રામ–વે આખા ઈન્ડિયામાં એકમાત્ર પ્રાઈવેટ રેલવે છે.'તું વઢવાણમાં મોટો થયો તો હવે સ્થાયી પણ અહીં જ થવાનો ?'શું ખબર ! મોટી મોટી કંપનીના ઈન્ટરવ્યૂ તો આપવાના શરૂ થઈ ગયા છે,પણ ડેડીની ઈચ્છા છે કે અહીં બેરિંગનું કારખાનું નાખી અહીં જ સ્થાયી થવું. એમાં વળી મેં જર્મની ભણવા એપ્લાય કરેલું, પાસપોર્ટ પણ કઢાવી લીધો. પણ થાય છે, બહુ ભણ્યા, હવે જિંદગી શરૂ કરવાનો સમય આવી ગયો છે.' પછી સહેજ અટકીને સિદ્ધાર્થે પૂછ્યું : 'તારા શું પ્લાન છે ?' 'મારા પ્લાન? રેણુકા એક સેકન્ડ સિદ્ધાર્થની સામે તાકી રહી. ' ડડીએ બિઝનેસ પાર્ટનરના દીકરાને મારા માટે વઢવાણમાં આવીને વેરવિખેર થઈ ગયા છે.

ટ્રામના સ્ટેશનેથી નદીકિનારે ગઢની રાંગ હતી. ભોગાવાના કાંઠે ચાલતા સિદ્ધાર્થે કહ્યું : 'રાણકદેવીનું મંદિર, કહેવાય છે કે બંધાયું ત્યાં તો નદીની અધવચ્ચે હતું, પણ નદી સુકાતી ગઈ, ને મંદિર પછી કાંઠે થઈ ગયું.ભોગાવો નદીમાં સાવ થોડું પાણી હતું. ચાલતાં બન્ને ગઢની એક ખડકી પાસે પહોંચ્યાં. ગઢની અંદર, ગામમાં જતાં જ ડાબી બાજુએ રાણકદેવીના મંદિરનો દરવાજો હતો. મંદિર એક વિશાળ મેદાનમાં હતું, મેદાન ફરતો બીજો એક જાણે નાનો ગઢ હતો, એ મંદિરના ડેલાની નાની બારણીમાંથી સિદ્ધાર્થ અને રેણુકા અંદર ગયાં. મંદિરના ચોગાનમાં એક સૂમસામ સ્તબ્ધતા હતી. ડાબી બાજુ, ઊંચાં પગથિયાં ચડીને જવું પડે તેવું રાણકદેવીનું મંદિર હતું. ઉપર જઈએ તો ગઢની પાછળ સૂકી ભોગાવો દેખાતી હતી. સામે ઘેઘૂર વડલો હતો. બાજુમાં એકબીજા સાથે સંકળાયેલી કેટલીય સમાધિની દેરીઓ હતી, અને આ આવડા મોટા વિશાળ મંદિરમાં રેણુકા અને સિદ્ધાર્થ સિવાય કોઈ કરતાં કોઈ વ્યક્તિ નહોતી. ' આ મંદિરનો પણ એક અજબ ઈતિહાસ છે.' સિદ્ધાર્થે કહ્યું ને પછી મંદિરના પહેલા પગથિયે ચડતા રેણુકાને હાથ પકડીને ટેકો આપ્યો. તારી વાત આગળ ચલાવ, સાંભળવી ખૂબ ગમે છે. 'નવ સો બેતાલીસની સાલમાં મૂળરાજ સોલંકી નામનો રાજા થઈ ગયો. એમના રાજયનું નામ હતું ગુર્જ્જર રાષ્ટ્ર, જેમાંથી અપભ્રંશ થઈને થયું ગુજરાત. ૧૦૯૪ની સાલમાં આ રાજયનો રાજા હતો સિદ્ધરાજ જયસિંહ. એને જૂનાગઢના રાખેંગારની રાણી રાણકદેવી બહુ ગમી ગઈ હતી. પણ રાણકદેવી રાખેંગારની પત્ની હતી, અને એને બે બાળકો હતાં. 'તમને આ બધું ખડગપુરની એન્જિનિયરીંગ કોલેજમાં શિખવાડતા ? રેણુકાએ લહેકાથી પૂછ્યું.સિદ્ધાર્થ રેણુકાના ચમકતા મોઢાને જોઈ રહ્યો. લીલા રંગનું સ્કર્ટ અને ઉપર એણે તસતસતું મોરપીંછ રંગનું બ્લાઉઝ પહેર્યુ હતું. એના ખુલ્લા ટૂંકા વાળમાં રેશમની ચમક હતી. એના નાજુક હોઠમાં જૂઈનાં ફૂલની કુમાશ હતી. એના મોરપીંછ બ્લાઉઝની પછવાડે રેણુકાની અબોટ જુવાની જાણે થનગનતી હતી. સિદ્ધાર્થ કયા વાકયે અટકયો હતો તે ખુદ ભૂલી ગયો હતો. 'બે બાળકો. પછી શું ? રેણુકાનો મંજુલ ઘંટડી જેવો અવાજ.

'સિદ્ધરાજે જૂનાગઢ પર આક્રમણ કર્યુ રાખેંગારને મારી નાખ્યો. રાણકદેવીનાં બે બાળકોની કતલ કરી, અને રાણકદેવીએ સિદ્ધરાજ સાથે જવા ના કહી તો ગિરફતાર કરીને વઢવાણ સુધી લાવ્યો.પછી ? રેણુકાના અવાજમાં ચિંતા વધતી જતી હતી. 'કહેવાય છે કે ત્યારે અર્ધા ભોગાવામાં બારેમાસ પાણી રહેતું. અત્યારે છે તેના કરતાં નદીનો બેવડો પટ હતો. વઢવાણ પહોંચ્યા ત્યારે રાણકદેવીએ કહ્યું કે, એને બળતી ચિતા પર ચડીને સતી થવું છે. સિદ્ધરાજે વઢવાણનાં લોકોને હુકમ કર્યો કે ચિતા પ્રગટાવવા કોઈએ રાણકદેવીને અગ્નિ ન આપવો.'

'રેણુકા, કહેવાય છે કે આપણે ઊભાં છીએ તે નદીનો અર્ધો પટ હતો. આ ગઢ દેખાય છે ત્યાંથી પાણી શરૂ થતું હતું. અહીં ચિતા ખડકીને રાણકદેવીએ એની જાત હોમી દીધી. 'પણ વઢવાણનાં લોકોએ અગ્નિ ન આપ્યો તો કેવી રીતે ચિતા સળગાવી ?'વેલ. અહીં યુ હવ ટુ સસ્પેન્ડ યોર ડિસબિલીફ. લોકવાયકા એવી છે કે સિદ્ધરાજે રાણકદેવીનાં કુમળાં બાળકોની હત્યા કરી, ને વઢવાણનાં લોકોએ પણ એક જાતનો વિશ્વાસઘાત કર્યો, તો આ અન્યાયની આગ રાણકદેવીના હૃદયમાં હતી. અને ચિતા પર ચડી એણે જમણા પગના અંગૂઠામાંથી આગ કાઢી ને ચિતા પ્રકટાવી. અને મરતાં મરતાં એણે શાપ આપ્યો : બીજાનાં વિશ્વાસઘાત અને પાપને કારણે એણે આ નિર્દોષ ભોગાવો નદીને સજા આપી કે આ નદીમાંનું પાણી અર્ધું થઈ જશે, તો જો આજે પાણી કેટલું ઓછું છે? અને તેય વર્ષે બે મહિના માંડ રહે.'

રેણુકાની આંખમાં આંસુ સહેજ ભરાઈ ગયાં હતાં. પછી કહે, 'વઢવાણનાં લોકોએ અગ્નિન આપ્યો એમાં બિચારી નિર્દોષ નદીને સજા થઈ !' સિદ્ધાર્થે ખિસ્સામાંથી રૂમાલ કાઢી રેણુકાની પાંપણની કિનારી લૂછી. રેણુકાએ સિદ્ધાર્થના ખભે માથું રાખીને કહ્યું : 'સિદ્ધાર્થ, આ ચાર દિવસમાં જાણે હું તને જન્મોથી જાણતી હોઉં એવું લાગે છે.બાકીનાં પગથિયાં ચડી બન્ને મંદિરના ઉપરના ઓટલે પહોંચ્યાં. મૂર્તિ હતી તે રૂમ પર જાળીવાળા બારણાને તાળું હતું. જાળીની અંદર જોયું તો એક મહાકાળીની મૂર્તિ હતી. બાજુમાં સહેજ નાની રાણકદેવીની મૂર્તિ હતી. મૂર્તિ જાણે પાળિયા જેવી હતી. મોઢાની કોઈ રેખા કે દેખાવ એમાં કંડારાયેલાં ન હોતાં. માથાની નીચેનું શરીર લીલી ચૂંદડીથી ઢંકાયેલું હતું, અને મોઢાં પર સિંદૂર લગાડેલું હતું.એ લીલી ચૂંદડી પહેરીને સતી થઈ હશે, હેં ને ! રેણુકાએ કહ્યું, પછી કહે, 'એક મિનિટ, પેલી વચલી કડી યાદ આવી ગઈ.'કઈ વચલી કડી ?'તારી ગની દહીંવાલાની ગઝલની પછી રેણુકા ધીમા, લાગણીભીના અવાજે બોલી :'તમે રાજ–રાણીનાં ચીર સમ અમે રંક નારની ચૂંદડી. તમે તન પર રહો ઘડી બે ઘડી અમે સાથ દઈએ કફન સુધી. ફરીથી સિદ્ધાર્થે એનો રૂમાલ ખિસ્સામાંથી કાઢ્યો, અને રેણુકાની પાંપણની કિનારી લૂછી. મંદિરનાં પગથિયાં ઊતરતાં સિદ્ધાર્થે કહ્યું : 'હવે તારે પાછા જ નથી જવાનું રેણુકા, તને અહીં ગમે તે માટે હું ગમે તે કરીશ. વઢવાણને બદલી નાખીશ આઈ પ્રોમિસ.'પછી મંદિરની સામે દેરીઓની હારમાળા હતી તેનાં પગથિયાં ચડતાં સિદ્ધાર્થે પરબ કહ્યું: 'મને ક્યારેક, ખૂબ ઈંતેજારી થાય છે કે આ રાણકદેવી કેવી દેખાતી હશે ? એનું કેવું મોઢું હશે, કેવી આંખો હશે, કેવું ફિગર હશે ? પણ એ જૂના જમાનામાં કમેરા તો હતા નહિ. આમ મારી ઈંતેજારી ક્યારેય નહિ સંતોષાય.**(ક્રમશઃ)**

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**

- ઉખાણા
- બાળવાર્તા
- જોડકણા
- બાલગીત
- જોકસ

# બાલ એક્સપ્રેસ

સંપાદક : રવજીભાઈ કાચા-અમરેલી

## અમરેલી પાંજરાપોળ–ગૌશાળા

અમરેલીમાં વડી–ઠેબી નદી પાસે જેસીંગપરા તરફ જવાના રસ્તે ગૌશાળા આવેલી છે. ઈ.સ. ૧૯૩૬માં સ્થપાયેલી આ ગૌશાળા સાત વીઘા જમીનમાં પથરાયેલી છે.

અમરેલીમાં છેલ્લા ૭૫ વર્ષથી પાંજળાપોળ – ગૌશાળા કાર્યરત છે. ભૂતકાળમાં આ પાંજરાપોળ અમરેલીનું મહાજન સંભાળતું હતું. ગામને પાદરે, પાણી દરવાજા પાસે આવેલી એ પાંજરાપોળમાં અપાહીજ, અંધ, ખોડાં પશુઓને મહાજન નિભાવતું. મહાજન દ્વારા જ ગૌવશંની વિશેષ સાચવણી માટે ગૌશાળા શરૂ કરવામાં આવેલી. મહાજને જ થોડા વખત પછી આ બંને સંસ્થાઓનું એકત્રીકરણ કરી નવું બંધારણ ઘડયું હતું. તે અનુસાર આજ સુધી આ સંસ્થા શ્રી અમરેલી પાંજળાપોળ – ગૌશાળાનું સંચાલન થાય છે. જે આજે ગામની ભાગોળે આવેલી બે નદીઓની વચ્ચે કાર્યરત છે. જયાં આજે ૫૦૦ જેટલા અબોલા જીવોનો નિભાવ થાય છે. તેમાં પાંજળાપોળમાં ૪૧૦ અને ગૌશાળામાં સૌએક, વાછરડી, વાછરડાંનો સમાવેશ થાય છે. તેનો રોજનો નિભાવ ખર્ચ ૧૨,૫૦૦ રૂપિયો જેવો થાય છે. શહેરની જૂની બજારમાં સંસ્થાના પશુઓને પણ સાચવવામાં આવે છે. ગુજરાતી કૃષિ – વિજ્ઞાનની શિક્ષણસંસ્થાઓને તેના વાલીમાર્થીઓને તાલીમ માટે વ્યવસ્થા, પશુચિકિત્સા



કાર્યાલય 'જીવનદયા ભવન'નું નિર્માણ કરવામાં આવ્યું છે. આ

### ભાતીગળ સૌરાષ્ટ્ર

મકાનના નિર્માણમાં અમરેલીના વતની, જાણીતા ઉધોગપતી દીપક ફર્ટીલાઈઝર્સ ગ્રુપના અધિપતી ચીમનભાઈ મહેતાએ ઉદાર હાથે દાન આપ્યું છે.

કતલખાને જતા પશુઓને છોડાવી સંસ્થામાં આવતાં શિબિરો, જિલ્લામાંની પાંજળાપોળો–ગૌશાળાઓને પશુઓની સાચવણી માટેની માહિતી, માર્ગદર્શન, ગૌમૂત્ર અર્ક બનાવવો વગેરે પ્રવૃતિઓ પણ સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવે છે. સંસ્થાના પશુઓના નિભાવ માટે પશુનિવાસો, ઘાસગોડાઉનો, આહાર ગમાણો, પાણીઅવેડાઓ, પશુચિકિત્સાલય, વગેરેની સુવિધા ઉપલબ્ધ છે.

## ૦૮ – મહર્ષિ યોગી અરવિંદ ઘોષ

**જન્મ : ૧૫ ઓગસ્ટ, ૧૮૭૨**
**મહાપ્રયાણ : ૫ ડિસેમ્બર, ૧૯૫૦**

કૃષ્ણ બાબુને ત્યાં ૧૫ ઓગસ્ટ, ૧૮૭૨ના રોજ ત્રીજા પુત્ર તરીકે અરવિંદનો જન્મ થયો. આ જ અરવિંદ આગળ જતાં પ્રાધ્યાપક, પ્રાચાર્ય, દેશભકત બાબુ અરવિંદ, યોગી અરવિંદ, મહર્ષિ અરવિંદ તરીકે પ્રસીદ્ધ થયા. નાનપણમાં જ હિમાલયની ભવ્યતા અને ગિરિમાળાની નિસર્ગ શોભાએ અરવિંદના મન પર ઊંડી છાપ મૂકી દીધી હતી. કૃષ્ણધવન બાબુ શિક્ષણ માટે આખા પરિવારને જ ઈંગ્લેન્ડ લઈ ગયા. અરવિંદના શિક્ષણની જવાબદારી ડ્રિવેટે દંપતીને સોંપી. અરવિંદની ઉતમ સ્મરણશકિત અને ગ્રહણશકિતનો અનુભવ ડ્રિવેટ દંપતીનો આવ્યો. મહિનાનો અભ્યાસ અરવિંદ થોડા જ દિવસોમાં પતાવી દેતા. આ ગુણોથી પ્રભાવિત થયેલાં મિસિસ ડ્રિવેટે અરવિંદને ખ્રિસ્તી બનાવવાનું કારસ્તાન કર્યુ. પણ એ ઉંમરમાં પણ ધર્મ વગેરેને સારી રીતે સમજતા અરવિંદની તીવ્ર બુદ્ધિને કારણે તે શકય ના બન્યું. એ પછી આઈ.સી.એસ. બનાવવાની પિતાની ઈચ્છાને ઠુકરાવીને અરવિંદ ક્રાંતિ તરફ વળ્યા. 'કમળ અને કટાર' નામની ગુપ્ત સંસ્થામાં



તેઓ દાખલ થયા. એ પછી તેઓ ઈંગ્લેન્ડથી ભારતમાં પાછા ફર્યા. દેશભકત અને લોકસંગ્રાહક એવા વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે તેમની નિમણૂક રાજયમાં કરી. અરવિંદએ અગ્રેજ, ફ્રેંચ જર્મન, સ્પેનિશ ભાષાઓ આવડતી હતી. ભારતમાં આવ્યા બાદ તેમણે બંગાળી, સંસ્કૃત ભાષા ઝડપથી શીખી લીધી. મરાઠી અને ગુજરાતી ભાષા કામ પૂરતી આત્મસાત કરી લીધી. નોકરી સાથે તે સક્રિય રાજકારણમાં ભાગ લેવા માંડયા. બાદમાં લોકમાન્ય ટિળકની સલાહથી નોકરીમાંથી રાજીનામું આપી દીધું. એ પછી તેમની ક્રાંતિકારી પ્રવૃતિઓએ જોર પકડયું. 'વંદે માતરમ'માં લેખ લખી દેશભકિતના વિચાર ઘર–ઘરમાં પહોચાડયા. બંગાળમાં ઝંઝાવાતી ફેરી કરી સેંકડો ભાષણો દઈ તેમણે સર્વત્ર સ્વાતંત્ર્યના વિચાર પ્રસારવ્યા. અરવિંદના આ કાર્યથી છંછેડાઈને બ્રિટિશ સરકારે તેમના પર દાવાઓ કર્યા. તેમાંથી છૂટયા બાદ પણ અરવિંદ ફરીથી 'ધર્મ' અને 'કર્મયોગીની'માં અંગ્રેજો વિરુદ્ધ લેખો લખવા માંડયા. તેમનાં લેખ અને ભાષણોનો લોકો પર ખૂબ પ્રભાવ પડવા લાગ્યો. તેથી તેમની ફરીથી અટક કરવાનું બ્રિટિશ સરકારે નકકી કર્યુ. પણ તે પહેલાં જ તેઓ લાપતા થઈ ગયા. થોડા ગયા. થોડા દિવસ ચંદ્રનગરમાં રહી તેઓ પોંડીચેરી ગયા. ત્યાં પણ દેશભકતોનાં વહેણ તેમની ઘસી આવ્યાં. બાદમાં આ બધાથી અલિપ્ત થઈ, અખંડ ભારતની કલ્પના આપીને તેમણે ૫ ડિસેમ્બર, ૧૯૫૦ના રોજ છેલ્લા શ્વાસ લીધા.




## બે બાળકો વચ્ચેનું અંતર

### શિશુવંદના


**– ગિજુભાઈ ભરાડ**

ઈતિહાસ અને પુરાણો ઉપર નજર નાખતા જોવા મળે છે કે પ્રાચીનકાળના દંપતીઓ બે બાળકો વચ્ચે વધુ અંતર રાખવાના હિમાયતી ન હતા. એનું કારણ કદાચ સહઉછેરની સરળતા અને સંકટમાં એકબીજાની પડખે ઉભા રહી શકવાના સામર્થ્ય તરફનું માતા–પિતાનું આકર્ષણ જ જવાબદાર હશે. અર્વાચીનકાળમાં બે કે ત્રણ બાળકો વચ્ચેના અંતર અંગે અનેક મતમતાંતર પ્રવર્તે છે. જયારે બે બાળકો વચ્ચેનું અંતર ઓછું હોય ત્યારે બેમાંથી કોઈ બાંધછોડ કરવા તૈયાર ન હોય એ રીતે ઉછેરતા જોવા મળે છે. અને જયારે અંતર વધારે હોય ત્યારે મોટા બાળક તરફથી વધુ નાના બાળકને માતા–પિતા ઉપરાંતના એક વધારાના સ્નેહનો લાભ મળે છે. ઓછા અંતરવાળી બે બહોને તો ગાઢ સખીઓ જ બની જતી હોય છે. પરંતુ ઓછા અંતરવાળા બે ભાઈઓ ગાઢ મિત્રો બનતા હોવાના દાખલા ઓછા છે. જયાં બહેન મોટી હોય અને ભાઈ નાનો હોય ત્યાં પણ બહેન કરતા ભાઈને વધુ લાડ મળે છે એને કારણે એનામાં થોડાક તોફાન અને જિદ ઉમેરાય છે. પરંતુ એવા સંજોગોમાં કિશોરાવસ્થા વટાવ્યા પછી જયારે ભાઈને ખબર પડે છે કે બહેનને તો એક દિવસ આ ઘર છોડીને એના ઘરે, સાસરે જવાનું છે અને પોતાનું બધું જ બહેનને આપીને સામા લાડ લડાવવા લાગે છે. બાળકો વચ્ચેના અંતરના સંદર્ભમાં માતા–પિતાની તટસ્થ સમજણ હંમેશા નિર્ણાયક ભૂમિકા અદા કરે છે.


## અંધશ્રદ્ધાથી બચો

અરુણ અને તરુણ બંને સગાભાઈ. અરુણ ગામડે રહીને ખેતી કરે જયારે તરુણ શહેરમાં નોકરી કરે. અરુણનો દિકરો અમિત અને તરુણનો દિકરો આયુષ. ઘણી વખત વેકેશનમાં અમિત આયુષના ઘરે જાય અને આયુષ પણ ઘણી વખત અમિતના ઘરે આવે. આ વખતે અમિતે ઉનાળામાં આયુષના ઘરે જવાનું વિચાર્યુ તેને આયુષને કહ્યું, આ વર્ષે ઉનાળામાં હું તારે ઘરે આવીશ. આયુષ અને એના પપ્પા તો અમિતની વાત સાંભળી રાજી રાજી થઈ ગયા. અમિત આયુષના ઘરે પહોચી ગયો. બપોરે જમીને આયુષના પપ્પાએ કહ્યું, આ ઉનાળામાં અત્યારે ગરમી બહુ જ છે. તમારે દરરોજ પાંચ વાગ્યા પછી જ બહાર રમવા જવું. જો બપોરે તમે બહાર રમવા જશો તો માંદા પડી જશો. અમિત વેકેશનમાં ગામડે ખૂબ જ મજા કરતો. આયુષ આવે ત્યારે બંને બપોરે પણ રમવા નીકળી પડતા. ગામને પાદર નદી વહેતી હતી. નદીની આસપાસ ઘણા બધા વૃક્ષો હતા. વૃક્ષોની વચ્ચે મેદાન હતું. ગામડામાં કારખાનાનું પ્રદૂષણ પણ ન હતું. શહેર જેટલી ગરમી ન હતી. ઉનાળાનો બપોર પણ આકરો લાગતો નહીં. દિવસનો મોટો ભાગ તેઓ ક્રિકેટ રમતા.

પણ અહીં પરિસ્થિતિ સાવ ઊલટી હતી. સખત તાપ પડતો હતો. બહાર રમવા જવાનું શકય ન હતું. તે ક્રિકેટ સિવાય બીજું કંઈ રમતો જ ન હતો. બપોરે ઘરના બધા સભ્યો આરામ કરતા હતા. ફકત આયુષ અને અમિત કંટાળીને સોફા પર બેઠા હતા. આ ઉંમરમાં બપોરે નિંદર પણ કોને આવે ? શું કરવું તે તેને સૂઝતું ન હતું. બપોરે ટીવી જોવાની કે મોબાઈલ રમવાની પણ મનાઈ હતી. કારણ કે તેથી બધા ડિસ્ટર્બ થાય. સોફા પર બેઠા બેઠા અમિત વિચારતો હતો કે આ વેકેશન અહીં કેમ કરીને જશે? આટલો આકરો ઉનાળો તો કયારેય જોયો ન હતો. ક્રિકેટ રમ્યા સિવાય હું તો બોર થઈ જઈશ. મારે જલદીથી મારા ઘરે પાછા ચાલ્યા જવું પડશે. તરુણભાઈને એક જ દિવસમાં ખબર પડી ગઈ કે આ વખતે અમિતને અહીં ગમતું નથી.તરુણભાઈ વિચારવા લાગ્યા કે એવું શું કરું તો અમિતને અહીં ગમે ?તરુણભાઈને તેનો જવાબ મળી ગયો. સાંજે તે બજારમાં ગયા અને કેરમ લઈ આવ્યા. તરુણભાઈ કેરમ સાથે જ બજારમાં બાળવાર્તાનાં ઘણા પુસ્તકો લઈ આવ્યા. પુસ્તકો આપતી વખતે કહ્યું કે આમાંથી તમારે દરરોજ બપોરે એક અને રાત્રે એક વાર્તા વાંચવાની છે. બીજા દિવસે



બધા સાથે કેરમ રમ્યા. અમિત તો પહેલી વખત જ કેરમ રમ્યો. તેને કેરમ રમવામાં બહુ મજા આવી. ત્રણ ચારમાં તો તેને એવું કેરમ ફાવી ગયું કે તે આયુષને હરાવવા લાગ્યો.તરૂણભાઈએ લાવી આપેલાં પુસ્તકોમાંથી તેઓ વાર્તાઓ વાંચવા લાગ્યા. પહેલા દરરોજ એક બે વાર્તા વાંચતા પણ હવે તો રોજ ચાર – પાંચ વાર્તા વાંચીને રાત્રે એક એક વાર્તા બધાને સંઘળાવતા.આમ ને આમ દસેક દિવસ સારી રીતે નીકળી ગયા. તરુણભાઈને લાગ્યું કે હવે અમિત પાછો કંટાળ્યો લાગે છે. આથી તે પાછા બજારમાં જઈને નવો વેપાર નામની રમત લઈ આવ્યા. અમિત ભણવામાં હોશિયાર હોવાથી નવો વેપાર રમવામાં પણ તેને ખૂબ મજા આવી.આવી રીતે પાછા દસેક દિવસ નીકળી ગયા. તરૂણભાઈએ પાછા એક સાંજે ચેસ લઈ આવ્યા. ચેસ રમવાની પણ અમિત અને આયુષને તરૂણભાઈ બંનેને ચેસની ચાલ શીખવાડતા. આમ ને આમ વેકેશન પૂરું થવા ઉપર હતું. વેકેશનને એક અઠવાડીયું જ બાકી રહ્યું.હવે અમિત માટે શું લઈ આવું તો તેનું અઠવાડીયું સારી રીતે નીકળી જાય. તે રાત્રે ટીવી જોતા હતા. ટીવીમાં ટેનિસની રમત આવતી હતી. તેને તરત ઝબકારો થયો. બીજા દિવસે તે રેકેટ–ફૂલ લઈ આવ્યા.હવે તો સાંજે પાંચેક વાગ્યે અમિત અને આયુષ રેકેટ – ફૂલથી રમવા લાગ્યા. બેડમિન્ટન રમવામાં તેને ખૂબ મજા આવવા લાગી. ગામડે તે આખો દિવસ ક્રિકેટ જ રમતો પણ અહીં હવે તેને ક્રિકેટની સાવ યાદ આવતી નહીં. આજ તેને અહેસાસ થયો કે ઉનાળાની ગરમીમાં ક્રિકેટ રમ્યા સિવાય અને બહાર ગયા વિના પણ ઈન્ડોર ગેઈમથી ઘણું બધું શીખી શકાય છે આનંદ પણ માણી શકાય છે.



**બાલમિત્રો,**

તમે ઘણી વખત આ સુત્ર સાંભળ્યું હશે. ''વસુધૈવ કુટુંબકમ' એનો અર્થ પણ તમે જાણો છો.' પૃથ્વી એક પરિવાર છે.'' આવી ભાવના, લાગણી કયારે આવે ! ઉભી થાય ? જયારે આપણા મનમાં પ્રેમ, કરૂણા, હોય તો આપણને બધા કહે છે ! તમામ મનુષ્યો એક પરિવારનાં સભ્યો છે. મનુષ્યો જ નીહ તમામ જીવજંતુ પણ આ વસુવૈધ કુટુંબકમનું સુત્ર આપણને સાહિત્યના કેળવવામાં મદદ કરે છે. આ સુત્ર, જ સિદ્ધાંત આપવાને ધર્મ, જાતિ, સમાજ, ગામ, દેશ અને અનેક સીમાઓને પાટ કરી શકાય એવું એકત્વની ભાવના જગાડે છે. આ બ્રહ્માંડના તમામ જીવો સમ હું પણ છું. એવું કહે છે. જો આપણામાં એકત્વ, એકતા હોય તો બધુ આપણું સામે છે ને જો દુરત્વ હોય તો બધું વરાયું લાગે છે.

એક રીતે જો આપણામાં બધા પ્રત્યે મૈત્રી અને પ્રેમ હોય તો જગતમાં કોઈ આપણો શત્રું નથી. બાળમિત્રો, મનુષ્યનો અવતાર મળવાથી કોઈ વ્યકિત માનવ બની જતા નથી. માનવતા જ માણસને માનવ બનાવે છે. કવિ સુંદરને સરસ કહવું છે. 'હું માનવ માનવ થાઉ તો ય ઘણું.''

## લહાવા ફરીથી લૂંટી લઉં

'જીવન ચલને કા નામ ચલતે રહો સુબહ શામ.' જેનામાં જીવન છે એ બધું જ ચાલતું રહે છે. આગળ વધતું રહે છે – વૃક્ષ હોય કે માનવ, પંખી હોય કે પશુ, અરે જળ અને હવા પણ વહેતાં રહે છે અને આ બધું ચાલે છે માટે જ તો જીવન જીવન છે. જો એક જ જગ્યાએ સ્થિર રહેતું હોય તો જીવન બંધિયાર પાણીના ખાબોચિયા જેવું જ થઈ જાય ને ! માનવજીવનને ઘણી વાર સરીતા સાથે સરખાવવામાં આવે છે. નદીની જેમ એના ત્રણ તબકકા છે – બાળપણ, યુવાની એટલે હમણાં જ જમીન ઉપર વહેવા લાગેલી, ઉત્સાહથી થનગનતી સરિતા, જેને ઝડપથી પોતાના ધ્યેય તરફ આગળ વધવું છે. વૃદ્ધાવસ્થા એટલે આખી જિંદગીના અનુભવોના કાંપથી ફળદ્રુપ બનેલી, 'રત્નાકર'ની નજીક પહોંચેલી સરિતા, જેમાં ગાંભીર્ય છે, અનુભવોના ઊંડાણ છે અને વિચારોની પરિપકવતા છે. આ તબકકાની સરિતા ભલે પૂજાતી હોય, યુવાનીની સરિતાની અંદર ઈચ્છાઓની હોડીઓ અને એની પરિતપિતા વહાણ ભલે તરતા હોય પણ ઝરણા જેવા બાળપણની ખુશી, ઉછાળવાનો આનંદ, ચંચળતા, બેફિકરા થઈને ઊતરવાની ઉતેજના, સાથે સરકીને સ્નેહથી ગોળ ગોળ બનતા જતા મિત્રો અને નિર્દોષ હાસ્યનું કિલકિલાટ સંગીત, એ બીજા કોઈ તબકકામાં કયાં મળે છે ? એટલે જ કયારેક ને કયારેક, ગમે તેટલા સફળ માણસને પણ એ વિચાર તો આવે જ છે – મને જો મારું બાળપણ પાછું મળે તો ! પાછું મળે જો બાળપણ – આ વિચાર જ કેટલો આહલાદક છે ! બાળપણ એટલે ઉછળતો આનંદ, નાચતી નિર્દોષતા અને ગાતા વર્ષો. બાળપણમાં મોટા થવાની ઉતાવળ હતી અને જીવનના ઘરમાં બેસીને ભવિષ્ય નામની એક કાચની બારીમાંથી બહાર દેખાતા વિશ્વમાં ડગલાં માંડવાનું મન થતું હતું. અત્યારે જીવનના આ તબકકે એ જ ઘર છે, એ જ કાચની બારી છે, પણ હું બહાર ઊભેલી છું અને અંદર ભૂતકાળની દુનિયામાં મારા સૂતેલા બાળપણને જોઈ રહી છું કેટલાં બધાં દશયો સૂનામીની જેમ નજર સમક્ષ નર્તન કરી રહ્યાં છે ! આમ તો મારા બાળપણમાં બધું જ હતું – માતાપિતાનો પ્રેમ હતો, શિક્ષકોનો સ્નેહ હતો, ભાઈ બહેન સાથેના મીઠા ઝગડા હતા અને મિત્રો સાથે આત્મીયતાભરેલી વાતો હતી. મસ્તી, રમત–ગમત અને ભણતરનું સરસ સાયુજય હતું. એક આદર્શ બાળપણમાં હોય એ બધું જ મને મળ્યું હતું. એટલે અત્યારે અડધી સદી દૂર નજર નાખતાં એવી કોઈ આકાંક્ષાઓ દેખાતી નથી જે બાળપણમાં અધૂરી રહી ગઈ હોય અને અત્યારે પૂરી કરવી હોય. પણ બાળપણમાં એવું બીજું ઘણું હતું. જેને માટે ફરીથી બાળક બનવાનું મન થાય. રસના ચટકાથી તો કયારે સંતોષ થાય છે ? અમુક રસ એવો હોય કે ઘૂંટડે–ઘૂંટડા પીતા રહીએ તો પણ એની તરસ વધતી જાય. બાળપણ એક એવો જ મીઠો રસ છે જેને અંગ્રેજીમાં 'Sublime' કહીએ, જેને માણતાં, ભોગવતાં, કયારેય પૂર્ણ સંતોષ થાય જ નહીં. એટલે મને જો મારું બાળપણ પાછું મળે તો હું ચપટી વગાડતામાં જિંદગીમાંથી સરી ગયેલાં એ વર્ષોને ફરીથી જીવવા માગું છું. જીવનની અભરાઈ ઉપર કયાંક નીચે દબાઈ ગયેલા બાળપણના વસ્ત્રને બહાર કાઢીને ખંખેરું છું અને મારી ઉપર આવીને વરસે છે મીઠાં સ્મરણોની સુંવાળી રજકણો જે આખા અસ્તિત્વને તરબતર કરી નાખે છે. એ વસ્ત્ર ઉપર ચમકી રહ્યાં છે માંબાપના અનરાધાર પ્રેમનાં આંભલાં. ભાઈબહેનોના પ્રેમના સોનેરી તાર એમાં ગૂંથાયેલા છે. મિત્રોના સ્નેહથી ટીલડીઓ આંખોમાં આવીને ચમકી રહી છે. એ બધી ચમક આંખોને આંજી દે છે, હદયને એક વિષાદ–મિશ્રિત આનંદની ન સમજાય એવી લાગણીઓથી ભરી દે છે અને આંખો ઊભરાઈ આવે છે. એ આસું બાળપણના વિરહથી ખારાં હશે કે એના સ્મરણોથી મીઠાં એ તો નથી ખબર અને એ જાણવું પણ નથી. કયારેય બાળપણની સ્મૃતિઓ આવીને હદય ઉપર હુમલો કરે ત્યારે વિચાર આવતો હતો કે ફરીથી એક વાર બાળપણ મેળવવા માટે તો પછીના જન્મની રાહ જોવી પડે. પણ આજે આ લેખ થકી 'નવચેતન' એ દૈવી લાગે એવા આનંદના ઉદધિમાં ફરી ડૂબકીમારવાની તક આપી. આભાર યશવંતદાદા. પાછું મળે જો બાળપણ તો મારે રાત્રે સૂતી વખતે મમ્મીની સાડીનો પાલવ ઊંચો કરીને એના પેટ ઉપર હાથ મૂકીને સૂઈ જવું છે. અને પછી આખી દુનિયાને ભૂલી જવી છે. મારે દોડીને સ્કૂલનું રીપોર્ટ કાર્ડ પપ્પાને બતાવવું છે અને ફરીથી એમના લાડ પામવા છે, મારે કોઈએ આપેલી એક ચોકલેટ દાંતેથી તોડીને ભાઈ બહેન સાથે વહેંચવી છે, કોઈ બંધાતા મકાનની બહાર ઢગલા કરેલી નદીની સુંવાળી રેતીમાં ભુસકા મારવા છે અને સ્કૂલના કમ્પાઉડમાં ઊગેલાં આંબલીનાં વૃક્ષો નીચે પડેલા કાતરા ફ્રોકના ખીસામાં ભરવા છે.

મને અત્યારે ઘરના મંદિરમાં બેસીને પૂજા કરતાં મારાં નાની દેખાઈ રહ્યાં છે. બાળપણ પાછું મળે તો હું એમની સામે આંખો મીંચીને એમના મધુર કંઠેથી ગવાતાં સ્તોત્ર સાંભળ્યા કરું અને સાકરના બે ટુકડાના પ્રસાદની રાહ જોઉં. મિત્રોની સાથે બેસીને મોટેથી ગીતો ગાતાં ગાતાં હિંચકા ખાઉં અને સહુથી પહેલા છતને મારો હાથ અડાડું. કોઈ જ જવાબદારીના ભાર વિના કલાકો સુધી બેસીને વાર્તાની ચોપડીઓ વાંચું અને ખુલ્લા પગે મહોલ્લામાં દોડાદોડી કરું. રમતાં રમતાં વાગી જાય અને લોહી નીકળે તો એના ઉપર ધૂળ નાખીને ફરીથી દોડવાનું ચાલુ કરું. ખાવાની વસ્તુ જમીન ઉપર પડી જાય તો સાથે જે હોય એને ' રામ કે ભૂત ? ' એમ પૂછીને એ ધૂળ વાળી વસ્તુ મોંમાં મૂકી દઉં. શ્વાસ ચડી જાય ત્યાં સુધી દોરડા કૂદું. ખારેકનો ઠળીયો કે આંબલીનો કચૂકો કલાકો સુધી ચગળ્યા કરું. દંતમંજનનો કાળો પાવડર દાંત કરતાં મોંની બહાર વધારે લગાવીને 'મંકી ' બનવાની મજા લઉં. ઉનાળામાં ઓટલા ઉપર બેસીને કેરીઓ ચૂસું અને પસાર થતા લારીવાળાને રોકીને પાંચ પૈસાનો બરફગોળો ખાઈ લઉં. વજન વધવાની ચિંતા કર્યા વિના શિયાળામાં અડદિયા ઝાપટું. બેસતા વર્ષે નાનું પર્સ લઈને જાણીતા, અજાણ્યાં બધાને પગે લાગીને પછી ઘેર આવીને કેટલા સિકકા ભેગા થયા એ ગણ્યા કરું. ચહેરો ઓળખાય નહીં એટલી હોળી રમું અને ગોર્યોના જાગરણમાં આખી રાત બહેનપણીઓ સાથે નવી નવી રમતો રમું. રાતે ધાબા ઉપર સૂતાં સૂતાં નાનાજીને આકાશમાં દેખાતા તારાઓ વિષે પૂછું અને સવારે ઊઠીને ત્યાં સૂતાં સૂતાં વાદળોમાં દેખાતી આકૃતિઓને ઉકેલવાનો પ્રયત્ન કરું. **(ક્રમશઃ)**

# દલિત સાહિત્ય-સંશોધનની સંભાવનાઓ /હરીશ મંગલમ્

**આવતા અંકનું ચાલુ...**

આધુનિક દલિત સાહિત્યના જનક ડો. બાબાસાહેબ આંબેડકરની વિચારધારાને જાણવી પડે. એના સિવાય વંચિતોના સાહિત્યની સમ્યક વિભાવનાની ભોંય અધૂરી માલૂમ પડશે. એમાં ધર્મદીક્ષા પ્રસંગે લીધેલી ૨૨ પ્રતિજ્ઞાઓ ( ૧૪-૧૦-૧૯૫૬, દીક્ષાભૂમિ, નાગપુર) ખૂબ જ મહત્વની બની રહે છે : "હું ના તો બ્રહા, વિષ્ણુ, અને મહેશને ભગવાન માનીશ કે પૂજા કરીશ હું ના તો રામ કે કુષ્ણને ભગવાન માનીશ કે પૂજા કરીશ હું ના તો ગૌરી – ગણપતી પ્રત્યેપૂજયભાવ રાખીશ કે હિંદુ ધર્મના દેવી–દેવતાઓની પૂજા કરીશ હું નથી માનતો કે ભગવાને કયારેય અવતાર ધારણ કર્યો હોય, બુદ્ધ એ વિષ્ણુનો અવતાર છે, એવું કહેવું એ ખોટી અને પ્રચાર દ્વારા ફેલાયેલી ભ્રામક માહિતી છે, હું ના તો શ્રાદ્ધપક્ષ ઊજવીશ કે પિંડની આહુતિ આપીશ. હું બુદ્ધ ધર્મની પ્રત્યે કે એના વિરુદ્ધ કશું જ કરીશ નહીં હું બ્રાહણને હસ્તે કોઈ કર્મકાંડ કરાવીશ નહીં હં માનું છું કે, તમામ માનવજાત સમાન છે. હું સમાનતાની સ્થાપના માટે સખત પ્રયત્ન કરીશ. બુદ્ધ દ્વારા અષ્ટમાર્ગના આપેલા ઉપદેશને અપનાવીશ. બુદ્ધ દ્વારા શિખવાડેલી દસ પૂર્ણ અવસ્થાઓને આચરણમાં મૂકીશ. હું તમામ માનવજાતને ચાહીશ, સંવર્ધન કરીશ અને મમતાથી સારસંભાળ રાખીશ. (પ્રિય માનીને હદયમાં સાચવીશ). હું તો ચોરી કરીશ નહીં.હું બૌદ્ધ વ્યભિચાર કરીશ નહીં, જૂઠુ બોલીશ નહીં હું માદદ્રવ્ય લઈશ નહીં. હું બૌદ્ધ ધર્મના ત્રણ સિદ્ધાંતો – વિવિકે – વિચાર (શાણપણ), નીતિમતા (નૈતિકતા), અને સદવ્યવહારને જીવનમાં અનુસરીશ. હું હિન્દ ધર્મના ત્રણ સિંદ્ધાતો – વિવેક – વિચાર (શાણપણ), નીતિમતા (નૈતિકતા), અને સદવ્યવહારને જીવનમાં અનુસરીશ. હું હિન્દુ ધર્મનો ત્યાગ કરું છું : કારણ કે , તે માનવજાતના ઉત્કર્ષ માટે નુકસાનકારક છે, અને તે માનવજાતને અસમાન, નિમ્નકોટિના ગણે છે અને હું બૌદ્ધ ધમ્મ અપનાવું છું, હું દઢતાપૂર્વક માનુ છું કે બૌદ્ધ ધમ્મ અપનાવતાં (ધારણ કરતાં) મારો પુનર્જન્મ થઈ રહ્યો છે, હું પ્રતિજ્ઞા કરું છું કે, હું બૌદ્ધ ધમ્મને અનુસરીશ.'' (દીક્ષાભૂમિ, નાગપુર ખાતે પ્રદર્શિત કરેલ અંગ્રેજી બોર્ડ પરથી).મહાત્મા જયોતિબા ફૂલે (૧૮૨૭–૧૮૯૦)ને સામાજિક ક્રાંતિના પિતામહ લેખવામાં આવ્યા. તેમણે 'કથાગીત', 'વિધાધ્વનિ વિસ્તાર'(બુકલેટ), "Priestcraft exposed", "Slavery within the India Empire under the clock of Brahminism", 'ત્રીજું રત્ન' (નાટક), ' બ્રાહણોની ચાલાકી', 'ગુલામગીરી', ' કિસાનોના કોડ', 'સંસાર અંક–૧,૨' ' અછૂતોની કેફિયત', 'સત્યશોધક સમાજનું મંગળાષ્ટક', 'પૂજાવિધિ પ્રારંભ', અને ' અંખડાદિ' કાવ્યરચના અને પુસ્તકો પ્રકટ કર્યા. 'સત્યશોધક સમાજની' સ્થાપના કરી. ' દીનબધું' સાપ્તાહિક શરૂ કર્યુ. કાર્લ માર્કસના કમ્યુનિસ્ટ મેનિફેસ્ટો જેટલું જ'ગુલામગીરી' પુસ્તક મહત્વનું છે જેમાં શોષિત – પિડિતોના સામાજીક અધિકારોની ઘોષણા છે.ઈ.વી. રામાસામી પેરિયાર (૧૮૭૯–૧૯૭૩), તેઓ 'વાયકોમ સત્યાગ્રહ' (૧૯૨૪)થી ખૂબ જ પ્રખ્યાત છે. ઈ.સ. ૧૯૨૫માં સ્વાભિમાન ચળવળ શરૂ કરી. સામાજિક, રાજકીય, અને સાંસ્કૃતિક જાગૃતિ માટેની બ્રાહણો સિવાયના અન્ય ક્ષેત્રોમાં આ પ્રથમ ચળવળ હતી. આ ચળવળ મુખ્યત્વે જાતિપ્રથા, બ્રાહણોના શ્રેષ્ઠત્વ, ઈશ્વરનો ખ્યાલ, ધર્મ, અંધશ્રદ્ધાઓ અને જાતિવાદના વ્યાપ સામેનો એક સાંસ્કૃતિક વિદ્રોહ હતો. સ્વામી અછૂતાનંદે (૧૮૭૯–૧૯૩૩) 'આદિ હિન્દુ આંદોલન' ચલાવ્યું. ડો. બી. આર. આંબેડકર (૧૮૯૧ થી ૧૯૫૬), ઉપકરોત તમામ મહાન વિભૂતિઓના સામાજિક, ધાર્મિક, આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક ક્રાંતિ માટેના વિદ્રોહ, સંઘર્ષ, પ્રતિકાર અને અસ્પૃશ્યો, શોષિત–પીડિતો–વંચિતોની મુકિત માટેનાં કાર્યો થકી એક ચોકકસ વિચારધારાનો પ્રાદુર્ભાવ થયો. એ વિચારધારાનો ચોકકસ પ્રવાહ ડો. બાબાસાહેબ આમ્બેડકરમાં ' મહાધોધ' રૂપે પરિવર્તિત થઈને પુરજોશમાં વહે છે. એમના સમગ્ર ચિંતનના કેન્દ્રમાં ' માણસ' રહેલો છે. અને તે પણ, ભારતીય વર્ણવ્યવસ્થામાં પશુથી પણ બદતર જેવું જીવન જીવવા માટે મજબૂર કર્યો છે તેવો મનુષ્ય – દલિત, શોષિત–પિડિત–વંચિત અને અસ્પૃશ્ય, તદુપરાંત આદિવાસી. સમતા, સ્વતંત્રતા, બંધુતા અને સમાન ન્યાય એ એમનો સિંદ્ધાત હતો. એ માટે તેમણે 'બહિષ્કૃત ભારત' (૧૯૨૭), જનતા' (૧૯૩૦), 'મૂકનાયક' (૧૯૨૦) સાપ્તાહિકો અને માસીકો પ્રકટ કર્યા. 'ભારતમાં જાતિઓ અને મશીનીકરણ' (૧૯૧૬), 'જાતિવિચ્છેદ' (૧૯૩૫), 'શ્રી ગાંધી તેમજ અછૂતોની વિમુકિત (૧૯૪૨)' 'કોંગ્રેસ અને ગાંધીએ અસ્પૃશ્યો

સંપાદક : ભરત મહેતા
પરબ

માટે શું કર્યુ ?' (૧૯૪૭), 'અછૂત કોણ અને કેવી રીતે ?' (૧૯૪૮), તેમનું મરણોતર પુસ્તક 'ભગવાન બુદ્ધ અને તેમનો ધર્મ' તદુંપરાંત ' રિડલ્સ ઓફ ક્રિષ્ણ' વગેરે છે. આ સિવાય પણ અન્ય ઘણા ગ્રંથો પ્રકટ કર્યા છે. કવિતાઓ ને આત્મકથાનાં કેટલાંક પ્રકરણો લખ્યાં છે. તેમણે અસ્પુશ્યતાના નિમૂલન માટે સમગ્ર જીવન હોમી દીધું છે. અસ્પૃશ્ય સંમેલન (૧૯૧૮) (નાગપુર), 'બહિષ્કૃત હિતકારિણી સભા'ની રચના (૧૯૪૨), ચવદાર મહાજળ સત્યાગ્રહ (૧૯૩૦), 'સ્વતંત્ર મજૂર પક્ષ'ની સ્થાપના (૧૯૩૬), 'અખિલ ભારતીય અનુસૂચિત જાતિ સંઘ'ની સ્થાણના (૧૯૪૫), 'ભારતીય બૌદ્ધ મહાસભા' (૧૯૫૫), જેવી સંસ્થાઓ સ્થાપી હતી. કલારામ મંદિરપ્રવેશનો કાર્યક્રમ કર્યો. ૧૯૧૭માં 'દક્ષિણ બરો અયોગ'અને ૧૯૨૮માં 'સાયમન કમિશન' સમક્ષ ભારતના અસ્પૃશ્યો, શોષિત–પીડિતો અને વંચિતોના પક્ષમાં રજૂઆત કરી. તેમના અને મહિલાઓના મૂળભૂત અધિકારો માટે ઝઝૂમ્યા. વિશ્વનું શ્રેષ્ઠ બંધારણ આપ્યું.

આપણે સૌએ એક વાત સ્પષ્ટ કરવી જોઈએ કે, સાંપ્રત દલિત સાહિત્ય એ કોઈ વર્ગનું વિરોધી નથી. સમાજમાં પ્રવર્તતાં દૂષણોનો ખાત્મો બોલાવવા માટેની એક સામાજિક – સાહિત્યિક ચળવળ છે. અમાનુષી અને અન્યાયી વલણો સામેનો એક સંઘર્ષ છે.ડો. બાબાસાહેબ આંબેડકરે કહ્યું હતું કે, ''ઉદાત જીવનમૂલ્યો તેમજ સાંસ્કૃતિક મૂલ્યોને પોતાના સાહિત્યમાં સ્થાન આપવું જોઈએ. સાહિત્યકારનો ઉદેશ સંકુચિત નહિ, પરંતુ વ્યાપક હોવો જોઈએ. તેઓ પોતાની કલમ પોતાની પૂરતી મર્યાદિત ન રાખે, બલ્કે, એનો પ્રખર પ્રકાશ ગામડાંના જીવનના અજ્ઞાનના અંધકારને દૂર કરવા માટે હોવો જોઈએ. વંચિતો–શોષિતોનો મોટો વર્ગ આ દેશમાં છે. એ વાતને યાદ રાખો. એમનાં સુખઃદુખ તેમજ એમની સમસ્યાઓ સમજવાનો, પ્રયત્ન કરો સાહિત્ય દ્વારા તેમનું જીવન ઉન્નત બનાવવા માટે પ્રયત્નશીલ રહો એ જ સાચી માનવતા છે.'' – ડો. બાબાસાહેબ આંબેડકરનું સમગ્ર સાહિત્ય અને એમના સંઘર્ષને કેન્દ્રમાં રાખીને ' સમતા, બંધુતા અને સ્વતંત્રતા : મહાનાયકનો સંઘર્ષ' એ વિષય પર એક વિશિષ્ટ સંશોધન થઈ શકે.દલિત સાહિત્યસર્જનમાં 'સમ્યક દષ્ટિ', 'સમ્યક વાણી' અને 'સમ્યક ચિંતન' હોવું અનિવાર્ય છે... તો જ 'સમ્યક સાહિત્યસર્જન' થકી સમ્યક સમાજરચના સર્જી શકાય 'હયાત' (સપ્ટે–ડિસે–૨૦૨૦) નો 'સમ્યક સાહિત્યવિવેચન' વિશેષાંક પ્રકાશિત થયો હતો. એમાં પ્રકટ થયેલો ડો. રતિલાલા રોહિતનો ' સમ્યક સાહિત્યની વિભાવના' લેખ ખૂબ જ મહત્વનો છે જે અભ્યાસુઓએ અવશ્ય વાંચવો જોઈએ. આ અનુઆધુનિક સાહિત્યજગતમાં દલિત સંજ્ઞાને બદલે 'સમ્યક સાહિત્ય' સંજ્ઞાપ્રયોજન વધુ ઉચિત જણાય છે. મરાઠીના ખ્યાતનામ દલિત સાહિત્યકાર શરણકુમાર લિમ્બાલે પાસેથી આપણને 'દલિત સાહિત્યનું સૌંદર્યશાસ્ત્ર'પુસ્તક પ્રાપ્ત થાય છે. મૂળ આ મરાઠી પુસ્તકના અન્ય ભાષાઓમાં અનુવાદ પ્રકટ થયા છે. મૂળ આ કરાઠી પુસ્તકના અન્ય ભાષાઓમાં અનુવાદ પ્રકટ થયા છે. હિન્દી આવૃતિ પરથી મેં અને ડો. કાંતિ માલસ્તરે એનો અનુવાદ પ્રકાશિત કર્યો છે. (૨૦૧૩). એ જ રીતે, હિન્દી દલિત સાહિત્યમાં એવા જ પ્રખર દલિત સાહિત્યકાર ઓમપ્રકાશ વાલ્મીકિએ 'દલિત સાહિત્ય કા સૌંદર્યશાસ્ત્ર'પુસ્તક (રાધાકુષ્ણ પ્રકાશન દિલ્હી, ૨૦૦૧) પ્રકટ કર્યુ છે. ગુજરાતી દલિત સાહિત્યમાં આવું સૌદ્ધાંતિક પુસ્તક લખાવું જોઈએ. જોકે, ડો.બાબા સાહેબ આંબેડકરની વિચારધારાપ્રેરિત દલિત સાહિત્યનું સ્વરૂપ અને લક્ષ્ય હંમેશાં એક જ રહેવાનાં.ગુજરાતી દલિત સાહિત્યમાં કવિતા, વાર્તા, નવલકથા, આત્મકથા, નાટક અને નિંબધ સ્વરૂપોમાં ઘણું ખેડાણ થયું છે. ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીની અવિરત ૨૫ વર્ષથી પ્રવૃતિ દરમિયાન સ્થાનિકથી માંડીને તે આંતરરાષ્ટ્રીય સ્તરનાં કાર્યક્રમો, પરિસંવાદો અને અધિવેશનો યોજીને તેમજ ૧૨૫ જેટલાં પુસ્તકો (અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત ભાષામાં પ્રકાશિત કર્યા છે. 'હયાતી' ત્રૈમાસિક પણ અવિરત ૨૫ વર્ષથી નિયમિત પ્રકટ કરવામાં આવે છે. દલિત સાહિત્યવિષયમાં પીએચ.ડી.કરનાર વિદ્યાર્થીઓને અડધી કિંમતે પુસ્તકો પૂરાં પાડવામાં આવે છે. ગુજરાતી દલિત સાહિત્યનાં પુસ્તકો યુનિવર્સિટીઓના અભ્યાસક્રમમોમાં સ્થાન પામ્યાં છે. ગુજરાતી દલિત સાહિત્ય વૈશ્વિક સ્તરે નોંધ લેવાય છે ઘણા વિદ્યાર્થીઓએ પીએચ.ડી. કર્યુ છે ને હાલના સમયમાં શોધાર્થીઓં અને એમના માર્ગદર્શક દલિત સાહિત્યના વિષયને વધુ પસંદગી આપે છે. કારણ કે, લલિત સાહિત્યમાં મોટાભાગના સર્જકો અને એમના પુસ્તકો પર નિબંધોનું કાર્ય એકથી વધુ વખત થઈ ગયું છે. ઉપરાંત લલિત સાહિત્ય હવે Monotonous બની ગયું છે અને એણે વિષયવૈવિધ્ય ગુમાવી દીધું છે. દલિત સાહિત્યમાં મોટેભાગે કૃતિ કે સર્જકલક્ષી શોધનિબંધોનું પ્રમાણ વધુ રહ્યું છે ત્યારે સૌંદર્યલક્ષી અને ચિંતનલક્ષી શોધનિબંધો જેમ બને તેમ વધુ ને વધુ લખાય તે અતિઆવશ્યક છે. જેમ, કે –

– દલિત સાહિત્યની અવધારણા
– દલિત સાહિત્ય : સ્વરૂપ અને લક્ષ્ય
– દલિત સાહિત્ય : ચેતના અને પ્રતિબદ્ધતા
– દલિત સાહિત્ય અને આમ્બેડકરવાદ
– દલિત સાહિત્ય અને માકર્સવાદ
– દલિત સાહિત્ય : ભાષાવૈભવ
– દલિત સાહિત્ય : સમાજ, ધર્મ, સાંસ્કૃતિ અને કલા
– દલિત સાહિત્યનું સૌંદર્યશાસ્ત્ર
– દલિત સાહિતયની વૈચારિકતા અને દાર્શનિકતા...વગેરે.

અંતે, હિન્દીના ખ્યાતનામ કવિ લખાનસિંહની એક પ્રખ્યાત દલિત રચના રજૂ કરીને હું મારું વકતવ્ય પૂરું કરીશ :

સુનો બ્રાહણ !
હમારી દાસ્તા કા સફર
તુમ્હારે જન્મ સે શુરૂ હોતા હૈ.
ઔર ઈસકા અંત ભી તુમ્હારે
અંત કે સાથ હોગા.


સુનો બ્રાહણ !
હમારે પસીને સે
બૂ આતી હૈ તુમ્હેં.
ફિર ઐસા કરો
એક દિન
અપની જનાની કો
હમારી જનાની કે સાથ
મૈલા કમાને ભેજો
તુમ મેરે સાથ આઓ.
ચમડા પકાયેંગે...

(હિનદી સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને શ્રીકુષ્ણ પ્રણાલી આટર્સ કોલેજ, દાહોદના સયુંકત ઉપક્રમે ૪–૨–૨૦૨૩ના રોજ એકદિવસીય ' આઝાદીનો અમૃત મહોત્સવ અને દલિત સાહિત્ય' વિષય પર યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાના સેમિનારમાં બીજી બેઠકના અધ્યક્ષ તરીકે આપેલું વકતવ્ય)

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧ – તમે બીજામાં ઈશ્વરની ભાવના રાખશો તો બીજા તમારામાં ઈશ્વરની ભાવના રાખશે.
૨ – બુદ્ધિમાં મોટામાં મોટો દોષ અસૂયા છે, મત્સર છે. કોઈની ઈર્ષા ન કરો.
૩ – ઘરના માણસ બહુ વંદન, સેવા કરે ત્યારે માનવું કે ખાડામાં ઊતારવાની તૈયારી છે.
૪ – શ્રદ્ધા દઢ હોવી જોઈએ.
૫ – સર્વ સાથે મૈત્રી ન થાય તો વાંધો નહીં પણ કોઈ સાથે વેર ન કરો. વેર ન કરે એ મૈત્રી કર્યા જેવું છે.
૬ – મૂર્તિમાં પ્રેમ રાખો.
૭ – સર્વ મંત્રના આચાર્ય શિવજી હોવાથી શિવજીને ગુરુ માની મંત્રવિદ્યા લેવી.
૮ – જયાં બેઠા હોય ત્યાં ભકિત કરે તે ઉતમ.
૯ – બીજાની નિંદા સાંભળવાની પણ પાપ લાગે છે.
૧૦ – જેની અપેક્ષા બહુ ઓછી છે તે અતિ ઉદાર થઈ શકે છે.

# જ્ઞાનમંજરી

**ભારતનાં મહત્વનાં સ્થળો**

(૧) ભારતીય ખગોળ શાસ્ત્ર મુજબ કુલ રાશિ કેટલી છે ? – બાર
(૨) નક્ષત્રોની સંખ્યા કુલ કેટલી સંખ્યા કેટલી છે ? – ૨૭
(૩) સાહિત્યમાં કુલ રસોની સંખ્યા કેટલી છે ? – નવ
(૪) વૈદિકશાસ્ત્ર મુજબ ષડરસની સંખ્યા કેટલી છે ? – ૬
(૫) ચોઘડિયાની સંખ્યા કેટલી છે ? – ૭
(૬) જૈન ધર્મમાં કેટલા તીર્થકર પ્રસિધ્ધ છે ? – ચોવીસ
(૭) શ્રીમદ ભાગવત ગીતામાં કુલ કેટલા અધ્યાયો છે ? – ૧૮
(૮) ગણતંત્ર દિવસ કયા મહિનામાં આવે છે ? – જાન્યુઆરી
(૯) રક્ષાબંધન કયાં અંગ્રેજી મહિનામાં આવે છે ? – ઓગસ્ટ
(૧૦) શિવરાત્રી કયાં અગ્રેજી મહિનામાં આવે છે ? – ફેબ્રુઆરી

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા


## પગરખાં

આજકાલ વગર વપરાશનો બનેલો શબ્દ તે – ' પગરખા'. મૂળ સંસ્કૃત શબ્દ ' પદરક્ષક' પરથી અપભ્રંશ થઈ ' પગરખું' બનેલા આ શબ્દ આપણા ચરણોનું કાંટા, કાકરા, તાપ, ટાઢમાં જે રક્ષણ કરે... તેની લાકડાની કાયા, તે ચરણપાદુકા.. જે વિરાટ અખંડ ભારતવર્ષના સમ્રાટના સિંહાસન પર ચૌદ વર્ષ બિરાજી હતી. વિક્રમની વાર્તામાં આવતી પવન પાવડી તો વગર પેટ્રોલ જયાં ઈચ્છો ત્યાં ઉડાડીને લઈ જાય


'પગરખા' જેમ પગને સાચવે, તેમ મનને સાચવે તેવા ' મનરખાં' કેમ કોઈએ નહીં બનાવ્યાં હોય ?

# ૧ સોનેરી ચકલી

મયૂરીના કાકા શહેરમાં રહેતા હતા. મયૂરી ગામડે રહેતી હતી. એક વાર તેના કાકા તેના ગામ આવ્યા. સવારના નવ વાગ્યા હતા. પણ મયૂરી ઊંઘતી હતી. અગિયાર વાગ્યે સ્કૂલે જવાનું હતું. કાકાએ



મયૂરીને જગાડી. મયૂરી જાગી. કાકાને જોઈને ખુશખુશાલ થઈ ગઈ. ' મયૂરી, આજે મારે હું ને સ્કૂલમાં ભણતો હતો. ત્યાં તને સોનેરી ચકલી




દેખાડવા લઈ જવી છે. જોવી છે ને સોનેરી ચકલીને ?' કાકાએ મયૂરીને કહ્યું. 'કાકા, પણ મારે હોમવર્ક કરવાનું બાકી છે.' મયૂરી બોલી. મયૂરીએ ઝટપટ હોમવર્ક કર્યુ અને તૈયાર થઈ ગઈ. સ્કૂલ ડ્રેસ પહેરી લીધો. દફતર તૈયાર. સોનેરી ચકલી જોઈ સીધું સ્કૂલે જવાય. મયૂરી અને તેના કાકા દૂર ખેતરમાં ગયાં. બાજુમાં સરસ પાણીથી ભરેલું તળ ાવ હતું. મયૂરી તો સોનેરી ચકલીઓ જોઈ નાચવા માંડી. ખુશ થઈ ગઈ. તેના કાકા ચણ લઈ આવ્યા હતા. તેમણે સોનેરી ચકલી ચકલીને ધીમેથી હાથમાં પકડી. સોનેરી ચકલી મયૂરીના કાકાની હથેળીમાંથી ઘઉના દાણા ચણવાં માંડી. મયૂરી તો રાજી રાજી થઈ ગઈ.

## ૨ બુદ્ધિશાળી વાંદરી

એક દિવસ બુદ્ધિશાળી વાંદરી ખાઈને આરામ કરતી હતી.



શિયાળાનું હવામાન સુંદર હતું. ઠંડીને લીધે વાંદરીને ઘસઘસાટ ઊંઘ આવી ગઈ. અચાનક કંઈક અવાજ સંભળાયો. વાંદરીએ ધીમેથી આંખ ખોલી. ડરની મારી તે કાંપવા લાગી.

અરે, હું આ શું જોઈ રહી છું ? બરાબર તેની સામે ભયાનક વાઘ ઊભો હતો. તે બોલતો હતોઃ આજે તો મસ્ત મજાની, લાલ ટમેટા જેવી વાંદરી ખાવા મળશે ! વાંદરી વિચારવા માંડી : ' અરે, માડી રે, આ વાઘ તો મને એક ઝાટકે કાચેકાચી જ ખાઈ જશે. વાંદરી જીવ બચાવવા ભાગી. પણ, ભાગી–ભાગીને કેટલે જાય ? વાઘ કહે : 'વાંદરી, ભાગીને કયાં જઈશ ? આજે હું તને ખાઈને જ રહીશ.' વાંદરીએ વિચાર્યુ કે મારે હવે બુદ્ધિથી જ કામ લેવું પડશે ! વાંદરીએ વાઘને કહ્યું : ' વાઘભાઈ, મારા કરતાં મોટો શિકાર વાંદરો છે. તે સામે નાળિયેરી ઉપર છે, તેને ખાવને ?' વાઘ દોડયો નાળિયેરી તરફ ત્યાં તો વાંદરી છલાંગ મારતી કયાંની કયાં નીકળી ગઈ.

# મીણબત્તી બે છેડેથી બાળીએ તો કેટલું ટકે?

**– અનિરૂદ્ધ બ્રહ્મભટ્ટ**

ગોપાળકૃષ્ણ ગોખલેના અવસાન વખતે મહાત્મા ગાંધીએ જે કહેલું તે પંડિત સુખલાલજીએ નોંધ્યું છે : 'ગોખલેએ કામ બહુ ખેંચ્યું. જીવનકળાના નિયમોને પૂરી રીતે તેઓ ન અનુસર્યા. તેમણે કામ બહુ કીમતી કર્યુ છે, પણ વધારે પડતું કામ ખેંચવાથી એકંદરે તેઓ પોતાની સેવાવૃત્તિમાં નુકસાનમાં જ રહ્યા છે અને આપણે પણ તેમની પાસેથી લાંબો વખત લગી જે સેવા મેળવી શકત તેથી વંચિત જ રહ્યા છીએ.'

ભગવાને માનવીને શક્તિનો જે પુંજ આપ્યો છે તેને યોગ્ય રીતે જાળવીને વાપરતા રહેવાની પંડિત સુખલાલજીની સલાહ છે. કોઈ કહેશે કે આપણા દેશમાં તો વધુ કામ કરવાની સલાહ આપવી જોઈએ, તેને બદલે આવી શિખામણ કેમ ? હું જાણું છું કે આપણા દેશનો મોટામાં મોટો રોગ કામચોરી છે. પણ હું એ પણ જાણું છું કે આપણા દેશમાં કામ કરનાર વ્યક્તિઓ પર જ વધારે કામ આવી પડે છે. મોટો ભાગ ઓછું કામ ખેંચનારાઓનો છે અને એનાથી નાનો ભાગ ઓછું કામ કરનારાઓનો છે અને એનાથી નાનો ભાગ પોતાના ભાગે આવતું કામ કરનારાઓનો છે અને સૌથી નાનો ભાગ વધારે પડતું કામ ખેંચનારાઓનો છે. આ વધુ પડતું કામ ખેંચનારો વર્ગ જીવનની મીણબત્તીને બે છેડે બાળી રહ્યો છે. સમાજને ઘણીવાર આવા માણસોની કદર જ નથી હોતી.


જેમ વધુ પડતો આરામ ખોટો એમ વધારે પડતો શ્રમ પણ ખોટો. શારીરિક શ્રમ કરતાંય માનસિક શ્રમ શરીરને વધુ ખતમ કરતો હોય છે. વિવેક ચૂકયા તો કુદરત વજ ઉગામીને ઊભેલી જ છે.

અતિ શ્રમથી શરીરની રોગ – પ્રતિકારશક્તિ ઘટે છે. પ્રતિકારશક્તિ ઘટતાં જ શરીરમાં ઊંડે ઊંડે છુપાયેલો રોગ માથું ઊંચકે છે. શરીરની રોગ–પ્રતિકારશક્તિ ન ઘટે એ જોઈને જ શરીર પાસેથી કામ લેવાનું હોય. પણ સમાજનું એવું છે કે જયાં શક્તિ જુએ ત્યાં એ ભારે કરવેરા નાખે !

જેમ વ્યક્તિએ સમજવાનું તેમ સમાજે પણ સમજવાનું હોય છે. સેવા લેનાર અને દેનાર બંને જો પ્રમાણ ભાન ન જાળવે તો સરવાળે બંનેને ગેરલાભ છે. આ માત્ર સમાજ સેવકો માટે જ સાચું છે એવું નથી, ધંધાદારી સંસ્થાઓ અને કંપનીઓ માટે પણ એટલું જ સાચું છે. વ્યક્તિ સંસ્થાને જાળવે તો સંસ્થાએ વ્યક્તિને જાળવવી જ જોઈએ. સુ – સંસ્કૃત સમાજનો આ વણલખ્યો નિયમ છે.

'હું ચલાવી નહીં લઉં :: હું દ્વિઅર્થી વાત નહીં કરૂં હું બહાનાં નહીં બતાવું હું એક તસુ પણ પાછો નહીં પડું અને મને સાંભળવો જ પડશે.–ગેરિસન

## પ્રસાદ



: સંપાદક :
દેવેન્દ્ર એલ. ત્રિવેદી
(પુનિતપદરજ)

# વાર્તા : ભારતના વીર જવાનો

## નામ : મહેતા ધૈર્ય કમલેશભાઈ, ધોરણ : ૯

આપણે અત્યારે સુરક્ષિત છીએ રક્ષા કરે છે.

એક ખેડૂતને ત્યાં એક છોકરાનો જન્મ થયો ખેડૂત તેનું નાક શુરવીર રાખ્યું તે મોટો થતો ગયો અને તેનું એક લક્ષ્ય રાખ્યું કે '' હું એક ભારતનો વીરજવાન બનીશ.'' તે જેમ જેમ મોટો થતો ગયો તેમ માતા – પીતા દુઃખી થતાં કારણકે તે રક્ષા કરતી વખતે જો શહીદ થઈ જશે તો શુરવીર ભારતનો વીર જવાન બનવા માટે સતત તૈયારી કરતાં રહયો શુરવીરે ૧૨ મું ધોરણ પાસ કરી આર્મી ઓફિસર બનવાના ફોર્મ ભરી આર્મી ટ્રેનિંગ માટે એકેડમી ગયો શુરવીર આર્મિમાં પાસ થયો. અને તેનું ભારતનું રક્ષણ કરવાનું સપનું પુરુ થયું. શુરવીરના માતા–પિતાનું દુઃખ વધતું જતું હતું કારણ કે શુરવીર ખેડુતનો એકનો એક દીકરો હતો.

શુરવીર બોર્ડર પર જવા પ્રયાણ કરે છે. આ બાજુ માતા – પિતા દુઃખી થાય છે. શુરવીર બોર્ડર પર પહોંચે છે તેને કશમીરની બોર્ડર મળે છે. તે અન્ય જવાનો સાથે બોર્ડર પર રહે છે. તે રક્ષણ કરવામાં કોઈ પણ કસર છોડતો નથી.

શુરવીર બોર્ડર પર હંમેશા કહેતા કે હું જીવીશ તો ભારત દેશ માટે અને મરીશ તો પણ ભારત દેશ માટે '' શુરવીર હંમેશા પોતાનો નારો લગાવતો રહયો. સવારના ૩ : ૦૦ વાગ્યા છે તંબુમાં શુરવીર અને તેના સાથિયો સુતા છે. પાકિસ્તાની આંતકવાદી એક તકની રાહ જોતાં હતાં, અને દૂર કશમીરમાં પાકિસ્તાની વિમાન મુકયું આ વિમાનમાંથી ૧૫ આંતકવાદી ઉતરે છે અને પાકિસ્તાની વિમાન પાછુ ફરીને પાકિસ્તાન ચાલ્યું જાય ૪ વાગ્યે શુરવીર ઉઠીને નાસ્તાં કરવા ગયો હતો. અને આ પાકિસ્તાનીઓ તંબુમાં બધાને શહીદ કરી દે છે. ૧૪ જવાનો શહીદ થાય છે. શુરવીરને બહુ દુઃખ થાય છે અને સાથે તેનું ગુસ્સેથી લોહી ઉકળતું હતું. શુરવીરના સાથીયોનો બદલો લેવાનું વિચાર શુરવીર કરે છે.

શુરવીર બધા શહીદ જવાનને શહીદી આપે છે. અને શુરવીરને પાકિસ્તાનના આંતકવાદી મારવાનું કામ શુરવીરને મળે છે. શુરવીર બધા જવાનોને ભેગા કરે છે. અને તેમને કહે '' ભારતના વિરજવાનો તમે ગુસ્સે છે, તમે બદલો લેવા તૈયાર છો જે કોઈને આ મિશન છોડવું હોય તે છોડી શકે છે.'' બધાં જવાનો જોશથી હા પાડે છે.

કમાન્ડર કહેવા પ્રમાણે શુરવીર અને તેના સાથિયો પાકિસ્તાન પહોંચે છે અને જવાનો આર્મીબસ, આંતકવાદીઓને મારીને આવતા રહે છે. આ બાજુ શહીદ થયેલા વ્યકિતઓ દુઃખમાં છે. શુરવીરના માત પિતા પણ દુઃખમાં છે.

અચાનક ! શુરવીર અને તેના સાથીયો જંગ જીતી જવાના સમાચારો ટી.વી. પર આવે છે શુરવીરના માતા–પિતા ખુબ જ રાજી થાય છે. અને ગામ તે ઉચું માં રાખી ચાલી શકે છે.

મિત્રો આપણે અત્યારે ઘરે બેઠા આનંદ કરીએ છીએ. તે આનંદ આપણને જવાનો દ્વારા મળે છે. જો જવાન રક્ષા ન કરે તો કેટલાક લોકોનું મૃત્યુ થાય. જવાન બીજાની ખુશી માટે મોતની સામે પણ જજુમતા હોય છે એવી જ રીતે પોલીસ પણ આપણી રક્ષા કરતાં હોય છે તેથી આ બધા રક્ષકોને સહદયથી સમ્માન મળ વું જોઈએ.

**બોધ :** આપણા માટે જે વ્યકિત આપણને આનંદ કરાવતાં હોય તો તેને દુ : ખની લાગણી અનુભવવા ન દેતા.**જય હિંદ, જય ભારત**

# આ મારું ચિત્ર છે




પ્રિયા ગૌરીબેન લાઠિયા
(ધોરણ–૫– કેરીયા નાગસ, અમરેલી)



હેત્વી ચેતનભાઈ સેંજલીયા
(ધોરણ–૬– મોટા માંડવડા પ્રા.શાળા)




ગોરૈયા ઉતમ રજનીભાઈ
(ધોરણ–૭– શ્રી સાંદીપની પ્રા.શાળા–અમરેલી)



દેવમુરારી પુર્વ સુમનભાઈ
(ધોરણ–૩– શ્રી પાઠક સ્કુલ–અમરેલી)

# મોતના દ્વારે ઉભેલ પાટીદારની દિકરીને મદદ કરવા ભામાશાઓ આગળ આવે







અહેવાલ–તસ્વીર : પ્રતાપભાઈ ખુમાણ–સાવરકુંડલા

હજી હમણાં જ ૧૪ માર્ચે વિશ્વ કિડની દિવસ ઉજવાયો. શું ઉજવણી ફક્ત ટીવી મીડિયામાં સારી સારી વાતો કરીને ઉજવવા પૂરતી સીમિત રહી જશે કે ખરેખર વાસ્તવિક ધરતી ઉપર ઉતરી ખુણે ખાંચરે સામાન્ય ગરીબ ઘરોમાં કેટલીય જિંદગીઓ માત્રને માત્ર ડાયાલિસિસના સહારે જિંદગીના દિવસો કાપીને, ધીમે ધીમે સામે દેખાઈ રહેલા મોતના દરવાજા સુધી ડગલા માંડી રહેલા ને શોધી શોધીને નવજીવન આપી કુદરતને પણ પડકાર ફેંકી ને બચાવી લેવા આગળ આવશે ? આ સવાલ છે, સમગ્ર પાટીદાર સમાજના મોભીઓ અને ભામાશાઓને, આ કિસ્સો છે રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના મૂળ બોઘરાવદર ગામના વતની એવા લેવા પાટીદાર પરિવારનો હાલ આ વલ્લભભાઈ ડોબરીયાનો પરિવાર જસદણમાં અંબિકાનગર વિસ્તારમાં રહે છે સંતાનમાં એક દીકરો અને બે દીકરી મોટી દીકરીને પરણાવી સાસરે વળાવી દીધી છે.જયારે નાની દીકરી રૂપલ કે જેનો સંબંધ વેવિશાળ થઈ ગયેલ એ દરમિયાન કિડનીને લગતી બીમારીની શરૂઆત થયેલ. સાસરીયા પક્ષ દ્વારા આ દીકરીની બીમારી વધતી, જતી હોવાનું જણાતા અમાનવીય રીતે સંબંધ પણ તોડી નાખવામાં આવેલ છે. રૂપલ ઉપર તો એક ક્રૂર કુદરતનો ઘા અને બીજો આ સ્વાર્થી સમાજ દ્વારા કરવામાં આવેલો કારમો અંગત ઘા એટલે હિંમત હારી ગઈ છે અને ડિપ્રેશનમાં જતી રહેલ છે.છેલ્લા છ મહિનાથી બંને કિડની ફેઈલ થઈ જતા એકાતરા જસદણ થી રાજકોટ ડાયાલિસિસ કરાવવા જવું પડે છે.ડાયાલિસિસ નો ખર્ચ તો આયુષ્યમાન કાર્ડ હોવાથી થતો નથી પરંતુ એકાતરા રાજકોટની મુસાફરી અને આખો દિવસ ડાયાલિસિસની પ્રક્રિયા જે અત્યંત પીડાદાયક અને માનસિક રીતે ભાંગી નાંખનારી બાબતોથી આ દીકરી રૂપલ ૩૦ વર્ષની નાની વયે નાસીપાસ થઈ ગઈ છે આખો પરિવાર પણ છેલ્લા બે વર્ષથી આ અસાધ્ય રોગ માટે ઠેક ઠેકાણે દોડધામ કરીને થાકી ગયા છે.પોતાના એકના એક દીકરાને પરણાવવા ઘરના મકાન બનાવવા, પોતાના ગામડે બોઘરાવદરરહેલ ખેતીની જમીન ૯ વીઘા પણ વેચાઈ ગઈ છે. હવે કિડની ટ્રાન્સપ્લાન્ટનો ખર્ચ કોઈપણ કાળે ક્યાંય થી આ પરિવારને પોસાય તેમ નથી. ઘરના સભ્યોમાંથી કોઈ એક સભ્ય જેની પણ કિડની મેચ થાય તે આપવા તત્પર છે પરંતુ આ ઓપરેશન માટે કરવાનો થતો લાખો રૂપિયાનો ખર્ચ ક્યાંથી કાઢવો એ હિમાલય જેવડો સવાલે તેના માતા પિતાની રાતની ઊંઘ હરામ કરી દીધી છે. દીકરી રૂપલના પિતા વલ્લભભાઈ ડોબરીયા સ્થાનિક જીનમાં મજૂરી કામ કરે છે.ભાઈ દિવ્યેશ ખાનગી દુકાનમાં નોકરી કરે છે. જમીન પણ વેચાઈ ગઈ છે.આવા સંજોગોમાં માતા ચોધાર આંસુડે નિસાસા ખાઈને કહે છે કે, રૂપલના ભાગ્યમાં લખ્યું હશે જયાં સુધી,ત્યાં સુધી જીવશે. બીજું તો અમે શું કરી શકીએ..! રૂપલ ચૂપચાપ એક ખૂણામાં બેઠી બેઠી એક પણ શબ્દ બોલ્યા વગર બંને આંખમાંથી દડ દડ આંસુડાઓ વહેડાવી બધી વાતો સાંભળી પોતાના ભાગ્યને દોષ દેતી રહે છે.અધૂરામાં પૂઢં છેલ્લા આઠ વર્ષથી પોતાની માતા લીલાબેન પણ પેરેલાઈઝડ એટેકનો ભોગ બની જિંદગી જીવી રહ્યા છે. લાખો નિરાશામાં એક જ આશા નું કિરણ પાટીદાર સમાજના ભામાશાઓ છે. જો ફક્ત એક જ અમી નજર સમાજના મોભીઓની પડે તો રૂપલ ફરીથી આનંદ કિલ્લોલ કરતી થઈ જાય. રૂપલ ના સંપર્ક અને મદદ માટે ની બેન્ક એકાઉન્ટ ની વિગતોઆ સાથે નીચે આપેલી છે. ( ભાઈ )દિવ્યેશ વલ્લભભાઈ ડોબરીયા મો. નં.૭૯૯૦૦ ૨૮૮૦૬, બેન્ક એકાઉન્ટ ની વિગતો,૦ ૨૮૮૦૬, બેન્ક એકાઉન્ટ ની વિગતો, indian oveseas bank, branch 3394 jasdan, A/C. No. 339401000004470 DOBARIYA RUPAL VALLABHBHAI, IFSC IOBA0003394

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૨૭ | ૧૫૬૨ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૫૯૫ | ૯૦૦ |
| ૩ | ચણા | ૮૫૭ | ૧૦૪૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૮૧ | ૧૬૦૦ |
| ૨ | જુવાર સફેદ | ૮૬૫ | ૮૬૫ |
| ૩ | ચણા | ૧૦૫૦ | ૧૧૦૦ |
| ૪ | એરંડા | ૧૦૫૧ | ૧૦૫૧ |
| ૫ | બાજરો | ૫૦૦ | ૫૦૦ |
| ૬ | ઘઉં | ૪૬૩ | ૫૧૫ |
| ૭ | ધાણા | ૧૦૦૩ | ૧૩૦૦ |
| ૮ | તુવેર | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૯ | જીરૂ | ૪૨૦૦ | ૪૭૩૦ |
| ૧૦ | છોલે ચણા | ૧૯૩૦ | ૧૯૩૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૨૨ | ૧૨૪૪ |
| ૨ | શિંગ મોટી | ૧૦૫૪ | ૧૩૪૧ |
| ૩ | તલ સફેદ | ૨૧૮૫ | ૨૬૮૫ |
| ૪ | તલ કાળા | ૨૧૮૫ | ૨૬૨૫ |
| ૫ | તલ કાશ્મીરી | ૪૧૫૦ | ૪૧૫૫ |
| ૬ | બાજરો | ૪૨૫ | ૪૨૫ |
| ૭ | જુવાર | ૫૭૦ | ૧૧૬૦ |
| ૮ | ઘંઉ ટુકડા | ૪૦૨ | ૬૭૮ |
| ૯ | ઘઉં લોકવન | ૪૦૩ | ૫૬૨ |
| ૧૦ | ચણા | ૯૦૦ | ૧૧૪૬ |
| ૧૧ | ચણા દેશી | ૧૦૮૦ | ૧૪૨૦ |
| ૧૨ | તુવેર | ૭૪૦ | ૧૮૫૦ |
| ૧૩ | કપાસ | ૧૦૨૦ | ૧૬૦૦ |
| ૧૪ | એરંડા | ૯૦૦ | ૧૧૨૬ |
| ૧૫ | જીરૂ | ૩૦૪૦ | ૫૨૯૦ |
| ૧૬ | રાયડો | ૮૦૦ | ૯૨૩ |
| ૧૭ | રાય | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ૧૮ | ધાણા | ૧૧૦૦ | ૧૯૪૫ |
| ૧૯ | ધાણી | ૧૩૨૦ | ૨૫૮૦ |
| ૨૦ | મેથી | ૮૦૦ | ૧૧૩૫ |
| ૨૧ | સોયાબીન | ૮૩૦ | ૮૩૫ |
| ૨૨ | મરચા લાંબા | ૯૯૦ | ૫૪૧૦ |

### લાંબી બીમારીનાં અંતે અંતિમ વિદાય લીધી

## અમરેલીનાં જાણીતા બિલ્ડર હસુભાઈ સતાણીનું નિધન થયું

### સદ્‌ગતની આજે સવારે અંતિમ યાત્રા



અમરેલી, તા.૧૫

અમરેલીના જાણીતા બિલ્ડર હસુભાઈ સતાણીનું લાંબી બીમારીનાં અંતે નિધન થયું છે.

સદ્‌ગતની અંતિમયાત્રા સવારે ૯ કલાકે તેમના ચકકરગઢ માર્ગ પર આવેલ નિવાસ સ્થાનેથી નીકળશે.

પાના ૮ ઉપરનું ચાલું **સાવરકુંડલાનાં મણીભાઈ ચોકમાં**

શરીરે ઈજા પહોંચાડતા લોહી લુહાણ હાલતમાં સાવરકુંડલા સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવેલા છે.

આ સમાચાર સમગ્ર શહેરમાં વાયુ વેગે પ્રસરી જતા વિશ્વ હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને અન્ય હિન્દુ સંગઠનના આગેવાનો કે.કે. હોસ્પિટલ દોડી ગયા છે.

આ લખાય છે ત્યારે જાણવા મળ્યામુજબ ઈજાઓ ગંભીર પ્રકારની હોવાથી ઘાયલ ભાભલુભાઈને અમરેલી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી રહ્યા છે.

અત્યારે પવિત્ર રમજાનના દિવસો ચાલી રહ્યા છે ત્યારે આવા સંવેદનશીલ બનાવોથી શહેરની સુલેહ શાંતિ ભંગ ન થાય તે માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓ સતર્ક થઈ ગયા છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૪૦ | ૧૨૨૩ |
| ૨ | શીંગ મોટી | ૮૮૦ | ૧૨૩૧ |
| ૩ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૬૫૦ |
| ૪ | જીરૂ | ૩૧૦૦ | ૪૯૦૦ |
| ૫ | કપાસ | ૧૩૫૧ | ૧૬૦૧ |
| ૬ | ઘઉં લોકવન | ૪૩૫ | ૫૫૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૫૧ |
| ૮ | બાજરો | ૪૪૨ | ૫૩૫ |
| ૯ | જુવાર | ૫૦૦ | ૮૧૩ |
| ૧૦ | ચણા | ૧૦૪૦ | ૧૧૬૦ |
| ૧૧ | ચણા દેશી | ૧૦૫૦ | ૧૨૨૧ |
| ૧૨ | તુવેર | ૧૭૦૧ | ૧૮૬૧ |
| ૧૩ | એરંડી | ૧૦૮૦ | ૧૧૨૬ |
| ૧૪ | મેથી | ૧૧૦૦ | ૧૧૯૬ |
| ૧૫ | રાય | ૮૯૨ | ૯૭૦ |
| ૧૬ | ધાણા | ૧૪૫૧ | ૨૦૮૧ |
| ૧૭ | સોયાબીન | ૮૨૫ | – |

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીમાં નવનિર્મિત બસપોર્ટનું**

હતીઅનેઅનેકઅડચણોવચ્ચેબસપોર્ટનું નિર્માણ કાર્યઘણા મહિનાઓથી પૂર્ણથઈ ગયું હોય શરૂઆતમાં દિવાળી બાદમાં ૨૬મી જાન્યુઆરીનાં રોજ લોકાર્પણ કરવાનીવાતોથતીહતી. પરંતુબસપોર્ટ કયાંકારણોસરકાર્યરતકરાતુંનથીતેઅંગે કોઈ સત્તાવાર જાણકારી પણ આપવામાં આવતી નથી.

હંગામીબસસ્ટેન્ડનીહાલત નર્કાગાર જેવી હોય દરરોજ હજારો મુસાફરો પરેશાન થઈ રહ્યા હોવા છતાં પણ એક પદાધિકારી બસપોર્ટને શરૂ કરવાનીજે કોઈ અડચણહોયતેદૂર કરવા તૈયાર ન હોય જનતા જનાર્દમાં પદાધિકારીઓની કાર્યશૈલી વિવાદાસ્પદ બની રહી છે.

પાના ૧ ઉપરનું ચાલું **બાબરાનાં તાઈવદરનો માર્ગ**

કાર્યવાહી કરવામાં આવતી નથી. ગામના લોકોએ જણાવ્યું હતું કે, તાઈવદરથી બાબરા આવતા આવતા હાંડકા ખોખલા થઈ જાય તેવો મગરમચ્છની ચામડી જેવો રોડ બની ગયો છે પણ જાડી ચામડીનું આ તંત્ર બેરૂં અને આંધણું બન્યું છે. જેથી ગામાના લોકોની સમસ્યા સાંભળતાં નથી અને જોઈ શકતા નથી. ગામની કોઈ મહિલાને પ્રસૂતા માટે બાબરા લાવવામાં તેમજ અન્ય મેડિકલ ઈમજન્સી માટે તો લોકો માટે કપરો સમય પસાર થાય છે. ત્યારે તંત્ર દ્વારા જયાં સુધી નવો માર્ગ ના બને ત્યાં સુધી માર્ગની મરામત સરખી કરવામાં આવે તેવી માંગ કરી હતી.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૨૬ | ૧૫૯૬ |
| ૨ | ઘઉં | ૩૬૧ | ૪૮૪ |
| ૩ | ચણા | ૯૩૦ | ૧૦૮૦ |
| ૪ | ધાણા | ૧૧૦૦ | ૧૨૮૬ |
| ૫ | એરંડા | ૧૦૯૬ | ૧૦૯૬ |
| ૬ | મેથી | ૧૦૦૦ | ૧૦૫૦ |
| ૭ | રાઈ | ૮૬૫ | ૧૧૪૫ |
| ૮ | સોયાબીન | ૮૦૬ | ૮૦૬ |
| ૯ | તુવેર | ૧૩૨૦ | ૧૮૫૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૬૦૦ |
| ૨ | ચણા | ૯૫૧ | ૧૦૮૦ |
| ૩ | ચણા સફેદ | ૧૦૫૦ | ૧૧૦૦ |
| ૪ | શીંગફાડા | ૧૩૦૦ | ૧૩૩૫ |
| ૫ | ધાણા | ૧૧૨૫ | ૧૪૨૫ |
| ૬ | ઘઉં લોકવન | ૩૨૫ | ૪૮૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૦૮ | ૪૭૫ |
| ૮ | જીરૂ | ૨૧૦૦ | ૪૦૪૫ |
| ૯ | રાયડો | ૮૪૫ | ૮૫૧ |
| ૧૦ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૪૬૫ |
| ૧૧ | ધાણી | ૧૩૪૦ | ૧૫૭૫ |
| ૧૨ | સોયાબીન | ૭૩૦ | ૭૭૦ |
| ૧૩ | મેથી | ૮૯૯ | ૧૧૪૫ |
| ૧૪ | મકાઈ | ૫૦૦ | ૫૬૬ |
| ૧૫ | મગફળી | ૧૧૦૦ | ૧૨૨૫ |

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીમાં સ્વ. ડો. જીવરાજ મહેતાનાં**

પ્રવેશ કરીને સમગ્ર ટ્રસ્ટ અને ટ્રસ્ટની જમીનમાં કબ્જો તો કરી લીધો છે પરંતુ તેઓએ ડો. જીવરાજ મહેતાએ આપેલ સમગ્રકેમ્પસનેવિદ્યાવિહારનુંનામઅને ટ્રસ્ટનાં રજીસ્ટ્રેશનમાં દર્શાવેલ મોરનો સિમ્બોલભુલાવવાનો પ્રયાસ કર્યો છે.

આર્ટસ, કોમર્સ અને સાયન્સની કોલેજ પટાંગણની જમીનનો બહારનો હિસ્સો નિયમ મુજબ કોમર્શિયલ ધોરણે ભાડે આપેલ હોવાનું અને કોર્મ કોલેજથી અંદર થઈને સુખનિવાસકોલોનીતરફજવાનીજગ્યા પર બાંધકામ કર્યાની ચર્ચા થઈ રહી છે.

સમગ્ર શૈક્ષણિક સંકુલનું નામ અને સિમ્બોલ પણ બદલાવીને "વિદ્યાવિહાર"નામનેદૂર કરવામાંઆવ્યું હોય અમરેલી જિલ્લાનાં પ્રબુધ્ધ નાગરિકો, કોલેજનાં પૂર્વ વિદ્યાર્થીઓ અને શિક્ષણપ્રેમીઓમાં આ પ્રશ્ને નારાજગીનોમાહોલજોવામળીરહ્યોછે.

પાના ૮ ઉપરનું ચાલું **બાબરા વકીલ મંડળ દ્વારા**

નેતૃત્વમાં શહેરના તમામ વકીલ મંડળ દ્વારા મામલતદારને આવેદનપત્ર આપી જામનગરના વકીલની હત્યાનો ઉગ્ર રોષ વ્યકત કરી આરોપીને કડકમાં કડક સજા કરવાની માંગ કરવામાં આવી હતી.

બાબરા વકીલ મંડળ દ્વારા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, જામનગર વકીલ મંડળ સભ્ય હારૂનભાઈ પાલેજા સરાજાહેર ઘાતકી હત્યા કરવામાં આવતા આ ધૃણાસ્પદ ઘટનાને બાબરા વકીલ મંડળ દ્વારા સખત શબ્દોમાં વખોડી કાઢી હત્યારાઓને તાત્કાલિક અસરથી ધરપકડ કરવામાં આવે અને કડકમાં કડક સજાની માંગ કરવામાં આવી હતી.

આ ઉપરાંત બાબરા વકીલ મંડળ દ્વારા વકીલોના હિત માટે સંરક્ષણ માટે તાત્કાલિક અસરથી એડવોકેટ પ્રોટેકશન બિલ લાવવામાં આવે તેવી માંગ પણ કરવામાં આવી હતી.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૧૦ | ૧૬૧૪ |
| ૨ | મગફળી | ૧૧૪૯ | ૧૨૨૧ |
| ૩ | ધાણા | ૧૧૩૦ | ૨૦૯૦ |
| ૪ | તુવેર | ૧૫૨૦ | ૧૮૪૦ |
| ૫ | ઘઉં | ૪૫૨ | ૫૬૮ |
| ૬ | ચણા | ૧૦૬૫ | ૧૧૧૫ |
| ૭ | રાઈ | ૯૬૦ | ૧૨૧૦ |
| ૮ | જીરૂ | ૪૧૫૦ | ૫૦૫૦ |
| ૯ | મેથી | ૧૦૬૦ | ૧૨૩૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૫૧ | ૮૫૧ |
| ૨ | તલ સફેદ | ૨૫૦૧ | ૨૫૦૧ |
| ૩ | કપાસ | ૧૨૪૧ | ૧૬૦૧ |
| ૪ | બાજરો | ૪૦૩ | ૫૪૭ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૨૭ | ૬૨૨ |
| ૬ | જુવાર | ૫૨૫ | ૮૯૬ |
| ૭ | મકાઈ | ૪૨૫ | ૪૨૫ |
| ૮ | ચણા | ૯૦૦ | ૧૧૦૮ |
| ૯ | જીરૂ | ૨૮૦૦ | ૨૮૦૦ |
| ૧૦ | રાય | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૧ | સોયાબીન | ૭૬૦ | ૭૬૦ |

# રાજુલામાં ૫૦ નવા રોડના ખાતમુહૂર્તની કામગીરી શરૂ કરવામાં આવી



રાજુલા શહેરમાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ અધિકારીઓને સૂચના આપ્યા બાદ આજે શહેરના વિવિધ આગેવાનોની ઉપસ્થિતિમાં રસ્તાઓનાં ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા.શહેરમાં ૫૦ જેટલા નવા રોડ મંજુર કરવામાં આવ્યા છે શહેરની સુખાકારી માટે ગુજરાત સરકાર અને નગરપાલિકાદ્વારા આ રસ્તાઓ મંજુર કરવામાં આવ્યા છે.

સ્વામિનારાયણ નગર છતડીયા રોડ પર આ રસ્તાઓનું ખાતમુહૂર્ત કર્યું હતું આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં પાલિકાના પૂર્વ પ્રમુખ રવુભાઈખુમાણ, કાનાભાઈ ગોહિલ, મહેશભાઈ ટાંક, અક્ષયભાઈ ધાખડા, ચિરાગભાઈ જોશી, મનોજભાઈ સંઘવી, પ્રણવભાઈ જોશી, નરેન્દ્રસિંહ પરમાર, અર્જુનભાઈ રૂડાણી, રમેશભાઈ વાણીયા, પરેશભાઈ પટેલ, હિરેનભાઈ ભલીયા સહિતના આગેવાનો સ્થાનિક રહીશો પાલિકાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ દ્વારા

# અમરેલીમાં આગામી દિવસોમાં સમુહ લગ્નોત્સવનું આયોજન કરાશે

## સેવાસંઘની ટીમનો સર્વાનુમતે નિર્ણય



અમરેલી, તા. ૧૫

શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ અમરેલી સંચાલિત સેવા સંઘ ની ૧૪/૩/૨૪ ના બેઠક મળેલ જેમાં આગામી દિવાળી અને તુલસી વિવાહ પછી અને આપડા પૂર્વ પ્રમુખ સ્વ:બી.કે.ટાંકનું સપનું પણ હતું એ સેવા સંઘ ટીમ દ્વારા સમાજ ની દીકરીઓના સમૂહ લગ્ન ધામે ધુમે પરણાવવા માટે નું આયોજન સમસ્ત સેવા સંઘની ટીમ દ્વારા સર્વાનું મતે નક્કી કરવામાં આવેલું હતું અને જેની તારીખ આગામી સમયમાં નક્કીથયે લગ્ન નોંધવાનું શરૂ કરવામાં આવશે,જેમાં પ્રમુખ સુરેશભાઈ સોલંકી, ઉપપ્રમુખ કિશોરભાઈ આજુગિયા, બાબુભાઈ પોરીયા, જયંતીભાઈ મનાણી, ચેતનભાઈ ચૌહાણ, અલ્પેશભાઈ આજુગીયા, ગોપાલભાઈ વંડ્રા, મનોજભાઈ વંડ્રા,કેશિક ભાઈ રાઠોડ, પ્રદીપભાઈ માઢ,સાગરભાઈ ગેડિયા, વિકિભાઈ ગોલા, લાલભાઈ ટાંક,પંકજભાઈ માઢ, મહેશભાઈ સોડીગલા, અભયભાઈ ગેડિયા, મુકેશભાઈ ચૌહાણ, નેમિષ ભાઈ ગોહિલ, સુરેશભાઈ ચાવડા, ઉદયભાઈ ગોહિલ, રોનકભાઈ રાઠોડ વિનુભાઈ શ્યામવાડી મહેતાજીની હાજરી રહેલ હતી.

# એઝાન સુમરાએ સાડા ચાર વર્ષની ઉંમરે પ્રથમ રોજુ રાખ્યું



અમરેલી તા. ૧૫

બિલખાના સોહિલભાઈ સુમરા અને નજમાબેન સુમરા ના સાડા ચાર વર્ષના પુત્ર એઝાન સુમરાએ સાડા ચાર વર્ષની ઉમરે રમઝાન મહિનાનું જિંદગીનું પ્રથમ રોજો રાખી અલ્લાની ઈબાદત કરેલ હતી એઝાને પ્રથમ રોજૂ રાખતા પરિવારના સર્વોએ મુબારક બાદી પાઠવેલ હતી.

### ગીરગઢડા નજીક આવેલ

# ભાખા–એભલવડ ગામનો માર્ગ માપણી સીટ મુજબ ખુલ્લો કરવા માંગ

## ગ્રામજનોએ ચુંટણીનાં બહિષ્કારની ચીમકી આપી


અમરેલી, તા. ૧૫

ગીર ગઢડા તાલુકાના ભાખા–એભલવડ ગામને જોડતા રસ્તામાં જમીન માલિકોએ પેશ કદમી કરેલ હોય જે બાબતને લઈને ગામના અરજદારોએ અવાર નવાર રસ્તો ખુલ્લો કરવા તંત્રને રજૂઆત કરવામાં આવેલ હોય ત્યારે આ રસ્તો તંત્ર દ્વારા ખુલ્લો કરાયેલ હોય પરંતુ માપણી સીટ મુજબ કરેલ નથી જેથી તંત્ર દ્વારા આ રસ્તો માપણી સીટ મુજબ ખુલ્લો કરી યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો પીન્ટુ મનુ ગોહિલ, સંજય સાવલિયા, ગિરીશ ધાનાણી, ગીરીશ રીબડીયા, નાનુભાઈ વીરાભાઈ, ડાયાભાઈ સાવલિયા, મૂળભાઈ હમીરભાઈ, ભરતભાઈ, મનોજભાઈ નાગર સહિતના ગ્રામજનો દ્વારા ગીર ગઢડા મામલતદારને લેખિત રજૂઆત કરી લોકસભાની ચૂંટણી બહિષ્કારની ચીમકી આપી છે.

### આજ સાંજથી આચાર સંહિતા લાગુ થશે

# અમરેલીમાં લોકસભાની ચુંટણીને લઈને પોલીસ દ્વારા ફુટ પેટ્રોલીંગ થયું

## કાયદો અને વ્યવસ્થા મજબુતીથી જળવાશે



અમરેલી, તા.૧૫

આવતીકાલે બપોરે ત્રણ વાગ્યાના સમયે લોકસભાની સામાન્ય ચૂંટણી અંગેની તારીખ જાહેર થવાની સાથે અને આચારસંહિતાનો અમલ શરૂ થઈ જવાનો હોય ત્યારે આગામી તહેવારો તથા લોકસભાની ચુંટાણીનાં અનુસંધાને કાયદો અને વ્યવસ્થા મજબુત રીતે જળવાય તેવા હેતુથી આજે અમરેલી શહેર અલગ અલગ વિસ્તારોમાં પોલીસ દ્વારા ફ્રુડ પેટ્રોલીંગ યોજાવામાં આવેલ હતું.

### નાયબ દંડક કૌશિક વેકરિયાની જહેમતથી

# અમરેલીમાં રૂપિયા ૩૫.૧૧ કરોડના ખર્ચે અદ્યતન પ્રાકૃતિક કૃષિ કોલેજનું થશે નિર્માણ

## મુખ્યમંત્રી અને કૃષિમંત્રીનો આભાર માનવામાં આવ્યો

અમરેલી, તા.૧૫

અમરેલીના યુવા ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાના સફળ પ્રયત્નોને કારણે રાજ્ય સરકારના કૃષિવિભાગ દ્વારા અમરેલીમાં નેચરલ ફામિગ કોલેજને વહીવટી મંજૂરી આપવામાં આવી છે.

કૃષિપ્રધાન અમરેલીના પ્રાકૃતિક કૃષિ તરફ લઈ જવા માટે કૌશિકભાઈ વેકરીયાના પ્રયાસોનું સકારાત્મક પરિણામ મળતા અમરેલી જિલ્લાના યુવાનો માટે ઘર આંગણે પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે અભ્યાસ કરી ઉજજવળ કારકિર્દી ઘડવાની ઉતમ તક મળી રહેશે.

અમરેલીના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાએ આ અંગે રાજીપો વ્યકત કરતા જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લો ખેતી આધારિત જિલ્લો હોવાથી આ જિલ્લાને પ્રાકૃતિક ખેતી માટેની કોલેજ મળે તેના માટે પોતે રાજય સરકારને અને કૃષિ વિભાગને ભારપૂર્વક રજુઆત કરી હતી. મહામહિમ રાજયપાલ આચાર્ય દેવવ્રતજી પણ પ્રાકૃતિક ખેતિમાં વિશેષ રસ લઈ રહ્યા છે ત્યારે રાજય સરકારે પણ આ રજૂઆતને હકારાત્મક રીતે લઈને અમરેલીને આ વિશેષ ભેટ આપી છે. જે માટે અમરેલીની પ્રજા વતી તેઓ મુખ્યમંત્રી ભૂપેનદ્રભાઈ પટેલ અને કૃષિમંત્રી રઘવજીભાઈ પટેલનો વિશેષ રૂપે આભાર માન્યો છે. રાજયના કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા તા. ૧૪/૩/૨૦૨૪ ના પત્રથી મળેલ મંજૂરી અન્વયે રૂપિયા ૨૬ કરોડનાં ખર્ચે અદ્યતન બિલ્ડિંગ વિથ ફર્નિચર બનશે તથા ૪ કરોડના ખર્ચે અદ્યતન ઉપકરણ ખરીદાશે અને ૪ કરોડ કરતાં વધુની રકમ આનુસાંગિક ખર્ચ માટે વાપરવાની મંજૂરી આપવામાં આવેલ છે.

### જિલ્લા કોંગી પ્રમુખ પ્રતાપ દુધાતની માંગ

# અમરેલી પંથકમાં લોકસભાની ચુંટણીમાં આચાર સંહિતાની કડક અમલવારી જરૂરી

## રાજયનાં ચુંટણી અધિકારીને પત્ર પાઠવ્યો



અમરેલી, તા. ૧૫

આચાર સંહિતાની કડક અમલદારી કરવા તેમજ લાંબા સમયથી ફરજ બજાવતા પોલીસ અધિકારીઓની બદલી અંગે તાત્કાલીક નિર્ણય કરવા બાબતે અમરેલી કોંગ્રેસ ના જીલ્લા પ્રમુખ પ્રતાપ દુધાત એ મુખ્ય ચુંટણી અધિકારી, રાજય ચુંટણી પંચ, ગાંધીનગર. ને પત્ર પાઠવ્યો છે.

આ પત્ર માં જણાવાયું છે કે, ૧૮ મી લોકસભાની સામાન્ય ચુંટણી ખુબજ ટુંક સમયમાં જાહેર થવાના સમાચાર પ્રાપ્ત થઈ રહ્યા છે ત્યારે સારાંય રાજયમાં રૂલીંગ પાર્ટી તરફથી સરકારી મિલ્કતો તેમજ પ્રાઈવેટ મિલ્કતો તેમજ ઉપર મંજુરી સિવાય રૂલીંગ પાર્ટીના નિશાનના ભીત ચિત્રો તેમજ પોસ્ટરો લગાડેલ છે. વિરોધપક્ષ આવા ચિત્રો દોરવામાં આવે તો રૂલીંગ પાર્ટીની દાદાગીરીથી દૂર કરવામાં આવે છે. ભારતનાં બંધારણ અધિકાર પ્રમાણે તમામ પક્ષોને બંધારણીય અધિકારો મળ્યા છે પરંતુ લાંબા સમયથી એક જ પક્ષની સરકાર હોવાને કારણે અધિકારીઓ થતા બંધારણ ભંગ બાબતે આંખ આડાકાન કરી રહ્યા છે. સિવિલ કોડ પ્રમાણે નાયબ મામલતદાર થી ઉચ્ચ લેવલનાં અધિકારીઓને કામગીરી કરવાની થાય તો તેમની ઉપર તાત્કાલીક પગલા લઈ મુશ્કેલીમાં મુકી દેવામાં આવે છે. સુપ્રિમ કોર્ટના તાજેતરનાં રૂલીંગ પ્રમાણે આવા ભીત ચિત્રો દોરવા એ આચાર સંહિતાનો ભંગ છે ચિત્રો દૂર કરવા કાર્યવાહી થતી નથી દુ :ખદ બાબત છે.

તો તાકીદે આ અંગે યોગ્ય તેમજ ચિત્રો દૂર કરવા પત્રથી રજુઆત છે. તેમજ ચુંટણીને લગતી કામગીરી પોલીસ તંત્ર તેમજ રેવન્યું તંત્રની સિદિધ કરજમા આવતી હોય તેવા પોલીસ મુખ્ય અધિકારી તેમજ PSI, ASI સુધીના કર્મચારીઓને ચુંટણી નિર્ભય રીતે કરી શકાય તે માટે લાંબા સમયથી એક જ જગ્યાએ ફરજ બજાવતાં તેમજ ટુંક સમયમાં બદલી કરી ફરી તે જ જગ્યાએ ફરજ પર આવેલ હોય તેવા રૂલીંગ પાર્ટીના માનીતા અધિકારીઓને ફેરબદલી કરવામાં આવે તેવી રજુઆત છે. તેમજ પુરવઠા વિભાગ મારકત પુરવઠા તંત્ર સાથે જોડાયેલા તલાટી – મંત્રી સુધીના નાના કર્મચારી સહિત સરકાર તરફથી જાહેરાતના રૂપે થેલીઓ આપી અને મતદારોને માનસિક રીતે આકર્ષવા માટેનો ગેરકાયદેસર ઝુંબેશ ચલાવી રહ્યા છે તેની ઉપર પણ તાત્કાલીક અસરથી પગલા લેવામાં આવે તેવી રજુઆત છે.

### ચૂંટણી પંચ લોકસભાની ચૂંટણીની તારીખો જાહેર કરશે

# ચૂંટણી જાહેર થતાની સાથે આચારસંહિતા લાગુ થશે, નવી યોજનાઓનું એલાન નહીં થઈ શકે

નવી દિલ્હી, તા.૧૫, છેલ્લાં કેટલાંક સમયથી ચર્ચા છે કે લોકસભા ચૂંટણીનો કાર્યક્રમ ગમે ત્યારે જાહેર થઈ શકે છે. એવામાં હવે ખુદ ચૂંટણીપંચે આ અંગેનો સંપૂર્ણ કાર્યક્રમ જાહેર કરવાની ચોક્કસ તારીખ જાહેર કરી દીધી છે. ચૂંટણીપંચે જણાવ્યું છે કે તેઓ આવતીકાલે લોકસભા ચૂંટણી ૨૦૨૪નો સંપૂર્ણ કાર્યક્રમ જાહેર કરશે. જેમાં મતદાન તારીખથી લઈને મતગણતરી અને પરિણામ સહિતની તમામ વિગતો જાહેર કરાશે. ચૂંટણી પંચ લોકસભા ચૂંટણીની સાથે-સાથે કેટલાક રાજ્યોની વિધાનસભા ચૂંટણીના કાર્યક્રમની પણ જાહેરાત કરી શકે છે. ચૂંટણીની જાહેરાત થતાં જ આદર્શ આચારસંહિતા (એમસીસી) લાગુ થઈ જશે. મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) રાજીવ કુમાર આચારસંહિતા લાગુ થવાની જાહેરાત કરશે. આદર્શ આચારસંહિતાનો અર્થ પાર્ટીઓ અને ઉમેદવારો માટે બનેલી ગાઈડલાઈન છે. આચારસંહિતા ચૂંટણીની જાહેરાતથી પ્રક્રિયા પૂરી થવા સુધી એટલે કે, પરિણામો જાહેર થવા સુધી લાગુ રહે છે. બંધારણમાં આદર્શ આચારસંહિતાની જોગવાઈ નથી. ભારતની ચૂંટણી પ્રક્રિયામાં આદર્શ આચારસંહિતાને કડકાઈથી પ્રખ્યાત ચૂંટણી કમિશનર ટીએન શેષને લાગુ કરી હતી. એમસીસીહેઠળ કેટલાક નિયમો છે જેનું રાજકીય પાર્ટીઓ અને ઉમેદવારોએ પાલન કરવું ફરજિયાત છે. આ નિયમોના ઉલ્લંઘન કરવા બદલ ચૂંટણી પંચ કડક કાર્યવાહી કરે છે.આદર્શ આચાર સંહિતા એ ગાઈડલાઈનનું કલેક્શન છે જે ચૂંટણી પંચે બનાવી છે જેથી કરીને મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી યોજી શકાય. આદર્શ આચાર સંહિતા આઠ ભાગોમાં વહેંચાયેલી છે. ચૂંટણી પંચની વેબસાઈટ પર ઉપલબ્ધ માહિતી પ્રમાણે આદર્શ આચાર સંહિતા 'રાજકીય પક્ષો અને ઉમેદવારોના માર્ગદર્શન માટે' છે. તેમાં સામાન્ય આચરણથી લઈને બેઠકો, સરઘસો સાથે સંબંધિત ગાઈડલાઈન છે. ચૂંટણી ઢંઢેરામાં શું કરી શકાય તે અંગેના નિયમો પણ છે. એમસીસી પોતાનામાં કાયદેસર રીતે અસરકારક નથી પરંતુ ચૂંટણી પંચને લોકપ્રતિનિધિત્વ કાયદા હેઠળ તેની તાકાત મળે છે. આદર્શ આચાર સંહિતાનો ભૌગોલિક વિસ્તાર સમગ્ર ચૂંટણી ક્ષેત્ર હોય છે.આદર્શ આચારસંહિતાઃ સત્તારૂઢ પાર્ટી માટે મુખ્ય નિયમ- આદર્શ આચારસંહિતા લાગુ થતાં જ સરકારને લોકલુભાવન જાહેરાતો કરવા પર પ્રતિબંધ લાગી જાય છે. સરકાર કોઈ નીતિગત નિર્ણય ન લઈ શકે.- આચારસંહિતા લાગુ રહે તે દરમિયાન કોઈ પણ નવી યોજનાને લાગુ ન કરી શકાય. મંત્રીઓના ચૂંટણી કામ માટે સરકારી મશીનરીના ઉપયોગ પર પ્રતિબંધ છે.- આદર્શ આચાર સંહિતા દરમિયાન સરકાર કોઈપણ પ્રકારની આર્થિક ગ્રાન્ટ, રસ્તા કે અન્ય સુવિધાઓનું વચન, એડ હોકની નિમણૂંક ન કરી શકે.- આચાર સંહિતા લાગુ થવા પહેલાથી ચાલી રહેલા વિકાસ કાર્યો અને યોજનાઓ પર રોક લગાવવામાં નથી આવતી. પરંતુ તેનો ચૂંટણી પ્રોપગેન્ડાની જેમ ઉપયોગ કરવા પર જરૂર રોકલગાવવામાં આવે છે.- ચૂંટણી સાથે પ્રત્યક્ષ/પરોક્ષ રીતે જોડાયેલા અધિકારીઓની બદલી અને પોસ્ટિંગ પર રોક લગાવી દેવામાં આવે છે. જરૂર પડવા પર ચૂંટણી પંચની પરવાનગી લઈને મુક્તિ લઈ શકાય છે.- સરકારી ખર્ચે પાર્ટીની સિદ્ધિઓના વિજ્ઞાપનો ન આપી શકાય. સાંસદ નિધિમાંથી નવું ફંડ જાહેર ન કરી શકાય. સરકાર સાથે જોડાયેલી નાણાકીય સંસ્થાઓ કોઈની લોન રાઈટ-ઓફ ન કરી શકે.એમસીસીઃ રાજકીય પાર્ટી, ઉમેદવારો માટે નિર્દેશ અને અન્ય નિયમ - કોઈ પાર્ટી અથવા ઉમેદવાર એવી કોઈ ગતિવિધિમાં સામેલ ન થઈ શકે જેમાં ધર્મ, સંપ્રદાય, જાતિ અથવા ભાષાના કારણે તણાવની સ્થિતિ ઉત્પન્ન થાય.- અન્ય રાજકીય પાર્ટી/ઉમેદવારોની ટીકા કરતા મર્યાદાનું ધ્યાન રાખવું. વ્યક્તિગત જીવનની ટીકા ન કરવી.

- ધર્મ-જાતિના નામ પર મત ન માંગી શકાય. મંદિર, મસ્જિદ, ચર્ચ અથવા ધાર્મિક મહત્વ કે અન્ય સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ ન કરવો.- મત ખરીદવા, તેને પોલિંગ સ્ટેશન સુધી લાવવા માટે ગાડીઓની વ્યવસ્થા કરવા જેવી 'ભ્રષ્ટ' ગતિવિધિઓથી દૂર રહેવું.- સરઘસો એ રીતે કાઢવા કે, બીજી પાર્ટીએને મુશ્કેલી ન પડે. એક પાર્ટીના પોસ્ટર બીજી પાર્ટી નહીં હટાવશે.- જાહેર સભાઓ અને સરઘસોની માહિતી અગાઉથી સ્થાનિક વહીવટીતંત્રને આપીને પરવાનગી લેવાની રહેશે.- મતદાનના ૪૮ કલાક પહેલા ચૂંટણી પ્રચાર પર રોક લાગી જાય છે.

### ચૂંટણીની તારીખોને લઈને આતુરતાનો અંત આવશે

# ચૂંટણી પંચ આજે લોકસભાની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરશે

## ચૂંટણી માટે મતદાન તારીખથી લઈને મતગણતરી અને પરિણામ સહિતની વિગતો જાહેર કરવાની ચૂંટણી પંચ દ્વારા માહિતી આપવામાં આવી

નવી દિલ્હી, તા.૧૫

છેલ્લાં કેટલાંક સમયથી ચર્ચા છે કે લોકસભા ચૂંટણીનો કાર્યક્રમ ગમે ત્યારે જાહેર થઈ શકે છે. એવામાં હવે ખુદ ચૂંટણીપંચે આ અંગેનો સંપૂર્ણ કાર્યક્રમ જાહેર કરવાની ચોક્કસ તારીખ જાહેર કરી દીધી છે. માહિતી અનુસાર ચૂંટણીપંચે કહ્યું છે કે તેઓ આવતીકાલે લોકસભા ચૂંટણી ૨૦૨૪નો સંપૂર્ણ કાર્યક્રમ જાહેર કરશે. જેમાં મતદાન તારીખથી લઈને મતગણતરી અને પરિણામ સહિતની તમામ વિગતો જાહેર કરાશે.ચૂંટણી પંચે તેના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ એક્સ પરથી પોસ્ટ કરીને કહ્યું હતું કે, 'ચૂંટણી પંચ દ્વારા આવતીકાલે એટલે કે ૧૬ માર્ચે બપોરે ૩ વાગે લોકસભા ચૂંટણી ૨૦૨૪ અને કેટલાક રાજ્યોની વિધાનસભા ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરવા માટે એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવશે. ચૂંટણી પંચના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તેનું લાઈવ સ્ટ્રીમિંગ થશે. ૨૦૧૯માં લોકસભાની ચૂંટણી સાત તબક્કામાં યોજાઈ હતી. તે વખતે ચૂંટણી પંચે ૧૦ માર્ચે તારીખોની જાહેરાત કરી હતી. પ્રથમ તબક્કાનું મતદાન ૧૧ એપ્રિલે અને છેલ્લા તબક્કાનું મતદાન ૧૯ મેના રોજ થયું હતું. પરિણામ ૨૩ મેના રોજ આવ્યુંહતું. ૨૦૧૯ની ચૂંટણી સમયે દેશમાં ૯૧ કરોડથી વધુ મતદારો હતા, જેમાંથી ૬૭ ટકા લોકોએ મતદાન કર્યું હતું.૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપે ૨૦૧૪ની સરખામણીમાં મોટી જીત હાંસલ કરી હતી. ૨૦૧૪માં ભાજપે ૨૮૨ બેઠકો જીતી હતી જ્યારે ૨૦૧૯માં ૩૦૩ બેઠકો મેળવી હતી. જ્યારે એનડીએને ૩૫૩ બેઠકો મળી હતી. ભાજપને ૩૭.૭ ટકાથી વધુ વોટ મળ્યા હતા, જ્યારે એનડીએને ૪૫ ટકા વોટ મળ્યા હતા. ૨૦૧૯ની ચૂંટણીમાં કોંગ્રેસ માત્ર ૫૨ બેઠકો જીતી શકી હતી. ઉલ્લેખનીય છે કે ૫૪૩ સભ્યોની લોકસભામાં ભાજપ બહુમતી ૨૭૨ના આંકડાથી ખૂબ આગળ હતું. આ જીત સાથે પાર્ટીએ સતત બીજી વખત સરકાર બનાવી હતી. આ સિવાય દ્રવિડ મુનેત્ર કઝગમ (ડીએમકે)ને ૨૪ બેઠકો મળી હતી. વાયએસઆરસીપી અને ટીએમસી ૨૨-૨૨ બેઠકો જીતવામાં સફળ રહ્યા હતા.

# લીલીયા મોટા : સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજના નવ નિર્મિત ભવનનું લોકાર્પણ કરાયું










લીલીયા મોટા ખાતે ગુજરાત રાજય શિક્ષણ વિભાગ ગાંધીનગર દ્વારા સંચાલિત સરકારી વિનયન અને વાણિજય કોલેજના નવ નિર્મિત ભવનનું લોકાર્પણ ગુજરાત સરકારના વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને રીબીન કાપી કરાયું આ અત્યાધુનિક બિલ્ડીંગ રૂપિયા ૧૨ કરોડના ખર્ચે અને સંપૂર્ણ સુવિધાઓ થી સુસજ્જ એવા બિલ્ડિંગનું લોકાર્પણ કરી વિસ્તારના વિદ્યાર્થીઓને અર્પણ કરવામાં આવેલ અત્યાધુનિક બિલ્ડીંગનું લોકાર્પણ કરી બિલ્ડીંગ ની આધુનિક સુવિધાઓ વર્ગખંડો જોઈને આવેલા મહેમાનો આફરીન પોકારી ગયા હતા. આવનારા દિવસોમાં વિદ્યાર્થીઓ ભણી ગણી ને આગળ વધે એવી સરકારની નેમ ની મહેમાનો દ્વારા પ્રશંસા કરવામાં આવેલ આ તકે કૌશિકભાઈ વેકરીયા, સાંસદ નારણભાઈ કાછડીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, જિલ્લા પંચાયતના પ્રમુખ ભરતભાઈ સુતરીયા, જિલ્લા વિકાસ અધિકારી પંડ્યા, કોલેજના પ્રિન્સિપાલ ડોક્ટર રાજેન્દ્રસિંહ રાઠોડ, દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ ત્યાર બાદ આવેલ મંચસ્થ મહેમાનોનું પુષ્પ ગુચ્છ અને સાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ અને મહેમાનો દ્વારા પ્રસોગોપાત પ્રવચન કરવામાં આવેલ આ કાર્યક્રમમાં ઉપસ્થિત જિલ્લા પંચાયત ના સદસ્યો વિપુલભાઈ દુધાત, ધીઢભાઈ માયાની, શંભુભાઈ મહીડા, ભીખાભાઈ ધોરાજીયા, લીલીયા મામલતદાર બારીયા, ટીડીઓ તુષાર રાદડીયા,ડ્જઈ એસ.આર. ગોહિલ,તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, મહામંત્રી ગૌતમભાઈ વિછીયા, જીગ્નેશ સાવજ, કાનજીભાઈ નાકરાણી, મનુભાઈ ડાવરા, તાલુકા પંચાયત સદસ્યો, સામાજિક આગેવાનો સરપંચો લીલીયા તાલુકાના વિવિધ ગામના અગ્રણીઓ વાલીશ્રીઓ તેમજ વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો.કેતન કાનપરિયા એ કરેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## લાઠી માર્ગનાં કોલેજ કેમ્પસનાં નામ ''વિદ્યાવિહાર''ને ભુલાવી દેવાનો પ્રયાસ

# અમરેલીમાં સ્વ. ડો. જીવરાજ મહેતાનાં કાર્યને ભુલાવવાનો પ્રયાસ

**વિદ્યાસભા ટ્રસ્ટની સ્થાપના કરીને ૬૦ વર્ષ પહેલા અમરેલીને શિક્ષણ નગરી બનાવનાર ડો. મહેતાને ભુલાવવાનાં પ્રયાસ સામે રોષ**

**સુરતમાં જમીન પચાવી પાડવાનાં કેસનાં આરોપી વસંતભાઈ ગજેરાએ મહામાનવનું નામ ભુલાવવાનો કર્યો પ્રયાસ**

**વિદ્યાસભા ટ્રસ્ટ હસ્તકની જમીનનો કોમર્શીયલ ધોરણે પણ ઉપયોગ થતાં ભારે નારાજગી**

**શહેરનાં પ્રબુધ્ધ અને શિક્ષણપ્રેમી નાગરિકોએ ડો. મહેતાનાં નામને ભુલાવવાનાં પ્રયાસની કરી નિંદા**



અમરેલી, તા. ૧૫

અમરેલીનાં પનોતા પુત્ર અને રાજયનાં પ્રથમ મુખ્યમંત્રી સ્વ. ડો. જીવરાજ મહેતાએ અમરેલી જિલ્લાનાં વિકાસ માટે જબરદસ્ત કામગીરી કરીને ખોડિયાર જળાશય, હોસ્પિટલ, જિલ્લાનું મુખ્ય મથક અને લાઠી માર્ગ પર વિશાળ જમીન સંપાદન કરીને આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજને કાર્યરત કરવા સહિત અગણિત વિકાસકાર્યો કરીને તેઓ અમરેલીનાં મહાત્મા ગાંધી બની ગયા છે અને તેઓનાં ઉમદા કાર્યથી તેઓ આજે અમરેલી જિલ્લાની જનતાનાં આદરણીય છે.

અમરેલીનાં મહાત્મા ગાંધી ગણાતા ડો. જીવરાજ મહેતાનાં વિકાસનાં અધુરા સ્વપ્નને આગળ લઈ જવામાં વર્તમાન શાસકો વામણા સાબિત થઈ રહ્યા છે. તેવા સમયે ડો. જીવરાજ મહેતા સ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભા ટ્રસ્ટમાં સુરતમાં જેની સામે જમીન પચાવી પાડવાનાં ક્રમશઃ ગુન્હા દાખલ થઈ રહ્યા છે તેવા વસંતભાઈ ગજેરાએ

અનુસંધાન પાના ૬ ઉપર

### જામનગરનાં વકીલની હત્યાના ઘેરા પડઘા

## બાબરા ખાતે વકીલ મંડળ દ્વારા મામલતદારને આવેદનપત્ર પાઠવાયું

**આરોપીને સખ્ત સજા કરવાની માંગ કરાઈ**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૫

બાબરામાં વકીલ મંડળના પ્રમુખ રમેશભાઈ મીઠાપરાના

અનુસંધાન પાના ૬ ઉપર





૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ

57,790/-
(૧૦ ગ્રામ)

રહેલ તા.૧૫/૦૩/૨૦૨૪ ના રોજ

હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬


### પાંચ શખ્સો સંપ કરી તુટી પડયા

## સાવરકુંડલાનાં મણીભાઈ ચોકમાં બે બાઈક ટકરાતા આરએસએસનાં કાર્યકર્તા ઉપર હુમલો

**સ્થાનિક પોલીસે ઘટનાને લઈને ગંભીરતા દાખવી**

સાવરકુંડલા, તા. ૧૫

સાવરકુંડલામાં મણીભાઈ ચોકમાં બબાલ બે બાઈક ટકરાતા રાષ્ટ્રીય સ્વયંસેવકના સંઘના કાર્યકર્તા ભાભલુભાઈ ખુમાણ અને વિક્રમસિંહ ઉપર અજાણ્યા પાંચ શખ્સોએ એક સંપ કરી મારામારી કરી, એક વ્યક્તિએ ગળે ટૂંપો દીધો. અન્ય ત્રણ જણાએ ઢીકા પાટુનો માર માર્યો અને એક શખ્સે પોતાની પાસે રહેલા ધારદાર હથિયાર વડે ભાભલુભાઈ ખુમાણને આખા

અનુસંધાન પાના ૬ ઉપર



તસ્વીર : પ્રતાપભાઈ ખુમાણ–સાવરકુંડલા


આમ આદમીનું અખબાર

અમરેલી એક્સપ્રેસ



આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના

વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૪

સચોટ-સટીક
સાતત્યસભર દૈનિક

લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...

લવાજમની મુદ્દત
તા.૦૧–૦૧–૨૦૨૪
થી
તા.૩૧–૧૨–૨૦૨૪

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩

www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)